|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## || માતૃસેવા ||

**તમને માન પહેલાં આપતો ને અપાવતો
દેશવિદેશમાં તેમ યશ અક્ષય રાખતો.
બેસાડતો પહેલાં ને પછી બેસી સભાસ્થળે,
વ્યાસપીઠથકી દેતો વક્તવ્યો શ્રેયમાર્ગનાં.
જમાડતો પહેલાં હું તમને, જમતો પછી.
પ્રવાસમાં કરી દેતો જગ્યા બેસી સૂવાતણી,
યાત્રા જીવનની મીઠી કરવા સુખશાંતિદા.
આવશ્યકતા પ્રમાણેની કાળજી રાખતો ઘણી,
વ્યાધિગ્રસ્ત અવસ્થામાં તમને ન્હવડાવતો,
પરિધાન કરાવીને વસ્ત્રો આરામ આપતો;
મોટરે બેસતી વેળા બેસાડી તમને પછી,
બેસતો મોટરે નાનાંમોટાં સૌ કષ્ટ કાપતો.
અશ્રુને લૂછતો પીડા પ્રાણકેરી શમાવતો,
સંતપ્ત અંતરાત્માને અર્પતો છાંય શીતળા,
મનોરથ બધા પૂરા કરતો મિષ્ટ વાણથી
સંતર્પતો; ધરી દેતો ધ્વનિ નૂતન ગીતના.
એવી સરળતા સર્વે સાંપડી ને શુભાશિષો,
અનુકૂળ બની અંતે ભાગ્યશ્રી સિદ્ધિઓ વરી.
સાફલ્ય જિંદગીકેરું તમને પણ સાંપડ્યું.
માતૃસેવાથકી દિસે પદ દુર્લભ ના કશું.
અશક્ય સુખ ના કોઈ કોઈયે સિદ્ધિ કે વર,
માતૃસેવાથકી શક્તિ સાંપડે શાંતિનિર્ઝર.**

**—શ્રી યોગેશ્વરજી**

('તર્પણ' કાવ્યસંગ્રહ)

॥ શ્રી યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકની વિશેષતા

## ॥ શ્રી યોગેશ્વરજીની શ્રીકલમે વિરાજિત સંતો ॥

'સંત એકવાર એક આંખ તમારી તરફ જોઈ લે, બસ પર્યાપ્ત છે. એની પ્રેમવર્ષાનું એક બિંદુ ને જગત આખું બીજી બાજુ; પણ બહુ વજનદાર ! એ તમારા પિંજરમાં 'ખુલ્લા આસમાન'ની ખબર લાવશે. સાંકળ તૂટતાં જ આખું આકાશ તમારું ! સુવિધા-સુરક્ષાનું મૂલ્ય સ્વતંત્રતાને મુકાબલે કાંઈ જ નથી.'



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રી યોગેશ્વર કથામૃત | 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. નિત્યાનંદજીનો અસાધારણ અનુગ્રહ | શ્રી યોગેશ્વરજી | ૯ |
| ૩. બાબા કાલી કમલીવાળા | " | ૧૫ |
| ૪. બદરીનાથના સિદ્ધ પુરુષ : બચ્ચીદાસજી | " | ૨૨ |
| ૫. સિદ્ધ મહાત્મા કૃષ્ણાશ્રમજી | " | ૨૭ |
| ૬. ભાથીખત્રી મહારાજ | " | ૩૫ |
| ૭. સંતરામ મહારાજ | " | ૪૩ |
| ૮. સ્વામી પ્રેમરૂપાનંદ | " | ૫૦ |
| ૯. સ્વામી રામતીર્થ | " | ૫૬ |
| ૧૦. શ્રી ગુપ્તાજી | " | ૫૯ |
| ૧૧. આરોગ્યવિષયક સોનેરી સૂચનો | ડૉ. કમલેશ | ૬૩ |
| ૧૨. સાચો ઝેનમાર્ગ | સં.નીલરત્ન | ૬૪ |

# નિવેદન : સંત પરમ હિતકારી

પરમાત્મા પંચમહાભૂતો દ્વારા પોતાને પ્રગટ કરે છે એની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ મનુષ્યદેહમાં થઈ છે. ઉત્ક્રાન્તિની ચરમ સીમાએ પહોંચેલો મનુષ્ય ભૌતિક સુખસમૃદ્ધિને જ જીવનની પરમ કૃતાર્થતા સમજી બેઠો છે.

પણ એવા કેટલાક મનુષ્યો છે, જેઓ વિચારે છે કે, 'હું કોણ છું? મારા જીવનનું પ્રયોજન શું છે.' જન્મ-મરણ, સંયોગ-વિયોગ શું છે? આ સ્તર પર આગળ વધતા ઋષિમુનિઓ, સંતો-મહાત્માઓએ પોતાના જીવનની પ્રયોગશાળામાં 'મનથી પરે પણ કંઈક છે.' એ શોધી, આત્મવિજ્ઞાન-પરમતત્ત્વની પિછાન કરી; અસ્તિત્વની સાર્થકતા સિદ્ધ કરી છે.

અનેક ધર્મોનું સારતત્ત્વ સિદ્ધ કરી, સર્વધર્મસમત્વ પ્રસારનારા શ્રી રામકૃષ્ણ કે સમાધિવસ્થાનું અવતરણ જીવનના પ્રત્યેક કર્મમાં, પ્રત્યેક વ્યવહારમાં કરનાર શ્રી રમણ મહર્ષિને જગતે જાણ્યા છે. 'પ્રકાશના પંથે' રહી સ્વયં પ્રકાશરૂપ થઈ જનાર શ્રી યોગેશ્વરજીને આપણે જાણીએ છીએ. પરંતુ બીજા એવા ઘણા સંતો ભારતમાં એકાંતખૂણે પોતાનો આત્મઉજાસ પાથરનારા છે, કિન્તુ 'અણઓળખાયેલા' છે, એમને શોધી-ઓળખી, આપણને ઓળખાવી ધન્ય કરી મૂકનાર સદ્‌ગુરુ શ્રીયોગેશ્વરજીના આપણે કૃતજ્ઞ છીએ. સાક્ષાત જગદંબા જેમનું સ્વ-રૂપ છે એવાં 'મા' સર્વેશ્વરીનો 'પ્રસાદ' જગતને ધરનાર પરમ વંદનીય શ્રી યોગેશ્વરજી સ્વયં 'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' મહાત્મા છે, તેમને તથા તેમની શ્રીકલમે વિરાજિત સર્વ સંતોના 'શ્રીચરણોમાં હો વંદન અગણિત.'



# ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૭૦**

**તા. ૨૫-૧-૮૩, મંગળવાર, મહા સુદ અગિયારસ ૨૦૩૯**

**જોહાનિસબર્ગ થી કેપટાઉન**

આજે આ સ્થળેથી વિદાય થવાનું હતું. બે-ત્રણ દિવસથી ઘરની યુવાન છોકરીઓ કહી રહી હતી : તમે જાઓ છો! અમને ગમશે નહીં. તમે ફરીથી અહીં થોડા દિવસ પણ રહેવા આવજો. હવે અમે કોને મા કહીશું ? આવા શબ્દોથી તેઓ હૈયાંનો પ્રેમ વ્યક્ત કરતી હતી.

આજે અગિયારસ હતી, જેથી ફળ-દૂધ લીધાં. શ્રી જેક્સનમાંથી જ્યોતિર્ધર બનેલા ભાઈ પણ પોતાની પત્ની સાથે મળવા આવે છે, જેઓ પૂ.શ્રીને વિદાયનો ગાર્ડ(માન) આપે છે. બીજી પણ બે-ત્રણ બહેનો હતી. બેઠકના ઓરડામાં ગયાં ત્યારે થાળી, પાણી, કંકુ વગેરે પૂ.શ્રી પાસે લાવવામાં આવ્યું. પૂ.શ્રીએ ચરણપ્રક્ષાલનની ના પાડી, જેથી પૂ.શ્રીનાં શ્રીચરણો ઉપર, મુખમંડળ પર કંકુ-ચોખા મૂકી, પુષ્પહાર અર્પણ કરી, શ્રી મગનભાઈ પ્રણામ કરે છે. પ્રણામ કરીને ઊઠ્યા ત્યારે શ્રી મગનભાઈની આંખમાં વિદાયનાં આંસુ હતાં.

એ જ રીતે તેઓએ મારી પણ પૂજા કરી. પુષ્પહાર અર્પણ કરીને પ્રણામ કર્યા. ઘરનાં સભ્યો પૈકીની બન્ને છોકરીઓએ પણ એ જ રીતે અમારી બન્નેની પૂજા કરી, પુષ્પ અર્પણ કરી, પ્રણામ કર્યા. નાનાં બાળકો પણ પુષ્પો આપીને

પ્રણામ કરે છે. ત્યારબાદ અમારી આરતી ઉતારવાની તૈયારી થઈ, પણ હું તો તે સૌની હરોળમાં ઊભી રહી ગઈ. તેથી ફક્ત પૂ.શ્રીની જ આરતી 'જય જગદીશ હરે!' ગાઈને ઉતારી. આરતીની 'ગુરુદેવ હે યોગેશ્વરજી'ની છેલ્લી ચાર લીટી શ્રી મગનભાઈએ 'અર્ઘ્ય'માં જોઈને ગાવા માંડી. છેવટે આરતી પૂરી થઈ. સૌએ ફરી પ્રણામ કર્યા.

પૂ.શ્રીએ સૌને પ્રસાદીમાં પુષ્પો આપ્યાં, જ્યારે મેં બધાંને દ્રાક્ષનો પ્રસાદ આપ્યો. અંતે એક કલાકની મુસાફરી પછી ઍરપોર્ટ ઉપર આવી ગયાં.

આજે વિદાયવેળાએ શ્રી મગનભાઈએ કવરો ભેટ મૂક્યાં. પૂ.શ્રીએ ખોલ્યાં. મેં મારું કવર પાછું આપી દીધું. પૂ.શ્રીએ કહ્યું કે, મા સર્વેશ્વરી લેતાં નથી અને અમે પણ જ્યાં ઊતરીએ ત્યાંથી લેતા નથી. તમે તો ઘણી સેવા કરી છે. બન્ને કવરોમાંથી ફક્ત એક-એક રેન્ડ લીધો ને ફરી કવર આપી દીધાં. સર્વેશ્વરી પોતે નોકરી કરતાં ત્યારે સ્વીકારેલા કવરનું શું કરતાં તે વાત પૂ.શ્રીએ શ્રી મગનભાઈને કહી હતી. તેથી શ્રી મગનભાઈએ તે કવરો દેવસ્થાનમાં મૂકી દીધાં.

ઍરપોર્ટ ઉપર શ્રી રમેશભાઈ પણ બીનોનીથી આવ્યા હતાં. શ્રી હસવતભાઈ પણ પૂ.શ્રીને વિદાય આપવા પોતાની નોકરી ઉપરથી આવ્યા હતા. દશ મિનિટમાં જ તે સૌ પાસેથી વિદાય લીધી. શ્રી મગનભાઈનું તો આખુંય કુટુંબ અમને વિદાય આપવા ઍરપોર્ટ ઉપર આવ્યું હતું.

૩૧૭ નંબરના સાઉથ આફ્રિકન ઍરવેઝના પ્લેનમાં અમે ૨-૩૦ કલાકે ૯-ડી, ૯-સી બેઠકો ઉપર બેઠાં. બરાબર સાડા ચારે જોહાનિસબર્ગથી હજાર માઈલ દૂરના કેપટાઉનમાં



બે કલાકમાં આવી ગયાં. માર્ગમાં ડાયરીની નોંધ લખી. ઍરપોર્ટ ઉપર ડરબનના બે ભાઈઓ ને કેપટાઉનના ત્રણ ભાઈઓ તથા એક બહેન અમને લેવા આવ્યાં હતાં.

આજે આ નવું સ્થળ હતું. ઍરપોર્ટથી દસ-પંદર મિનિટમાં ઉતારા ઉપર આવી ગયાં.

ઉતારા ઉપર થોડું બેઠાં. ભારતના રાજકારણની, હિન્દુ ધર્મના નાના-મોટા સંપ્રદાયોની ચર્ચા થઈ. છેવટે, સાત વાગ્યે ફળ-દૂધ લીધાં.

આઠથી પોણા નવ સુધી ડરબનથી આવેલા શ્રી વનમાળીભાઈની ઈચ્છા મુજબ ધ્યાનમાં બેઠાં. છેવટે,પ્રાર્થના કરીને સૌ વિદાય થયાં.

યજમાન શ્રી જેરામભાઈ અને તેમના ભાઈ સાથે પૂ.શ્રીએ થોડી વાતો કરી. તેમાં પૂ. માતાજીનું સ્મરણ કર્યું.

એક પણ દિવસ એવો નથી જતો જ્યારે પૂ.શ્રી પોતાનાં માતાજીને યાદ ના કરતા હોય.

કેપટાઉન શહેરમાં હિન્દી ભાઈઓના વિસ્તારમાં જ એક બંગલામાં અમારો ઉતારો હતો. યજમાન શ્રી જેરામભાઈના ઘરમાં દેવસ્થાનનો મોટો ઓરડો હતો. તેમાં રાધાકૃષ્ણ, ગણપતિ ને માતાની મંદિરમાં હોય તેવી સુંદર મૂર્તિઓ હતી. અમારા ઉતારાના ઓરડાની બાજુમાં જ તે દેવસ્થાનનો ઓરડો હતો.

રાત્રે સાડા નવે આરામ કર્યો.

**હરિઃ ૐ**

**—'મા' સર્વેશ્વરી**

# ॥ નિત્યાનંદજીનો અસાધારણ અનુગ્રહ ॥

**પ**રમાત્મદર્શી મહાપુરુષોનાં દર્શન-અનુગ્રહનો લાભ મળવો મુશ્કેલ હોય છે. પુણ્યના પરિપાકવાળા કોઈ અસાધારણ આત્માને જ એવો લાભ મળે છે.

એમનામાં રહેલી અલૌકિક શક્તિ પણ એવી ગેબી તથા અનોખી રીતે કામ કરતી હોય છે કે એને સમજવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી હોતું.

પોતાને 'સમજુ' માનનારા માણસો પણ એ બાબતમાં કોઈવાર ભૂલ કરી બેસે છે અને ઉપરછલ્લા તથા અધકચરા અભિપ્રાયો બાંધે છે.

એવા મહાપુરુષોને ઓળખવાનું અઘરું હોય છે અને ઓળખ્યા પછી એમનામાં શ્રદ્ધા-ભક્તિને ટકાવી રાખવાનું તો એથીયે વધારે અઘરું હોય છે. એમના બાહ્ય રૂપરંગ પરથી, કોઈ વાર નહીં પણ ઘણી વાર માણસો એમની લોકોત્તરતાનો ક્યાસ કાઢવામાં ભૂલ કરી બેસે છે.

પરંતુ જે એમને ઓળખી લે છે-એમના ચરણોમાં પ્રીતિ કરે છે તે એમના ઓછાવત્તા અનુગ્રહથી ધન્ય બની જાય છે.

મુંબઈ પાસે, વજ્રેશ્વરી નજીક ગણેશપુરીમાં રહેતા મહાત્મા નિત્યાનંદજી એવા જ એક પ્રાતઃસ્મરણીય પ્રતાપી મહાપુરુષ હતા.

એમના સંસર્ગમાં આવનાર કેટલાય પુરુષોને એમની યોગ્યતાની ખબર પડતી નહોતી.

બીજા અમુક લોકેષણાપ્રિય મહાત્માઓની જેમ, લોકોને



પોતાની જાણ થાય એવું નિત્યાનંદજી ઈચ્છતા નહોતા એટલે લોકોને આકર્ષવા કે તેમના પર પ્રભાવ પાડવા એ સામુહિક જાહેર 'ચમત્કારો' કરવાનું પસંદ ન કરતા. તેઓ બહુ ઓછું બોલતા અને લોકસંપર્કથી દૂર રહેતા.

એમનો બહારનો દેખાવ એમને ઉચ્ચ કોટિના મહાત્મા પુરુષ તરીકે ઓળખાવવામાં જરાય મદદરૂપ થાય તેવો નહોતો. હા, એમની આંખ અત્યંત તેજસ્વી ને લાક્ષણિક હતી એમને જોઈ સહેલાઈથી અનુમાન કરી શકાતું કે એમણે પોતાના આત્માની રહસ્યમય દુનિયામાં ડુબકી મારીને સ્વાનુભવનાં મહામૂલાં મોતી હાથ કર્યા છે અને સંસારના જીવો જેને માટે મહેનત કરે છે- આશાના મિનારા બાંધે છે ને ઝંખે છે તે સનાતન શાંતિની પ્રાપ્તિ કરે છે.

મહાપુરુષના મૂલ્યાંકનમાં એમની આંખ અને મુખાકૃતિ બહુ મોટો ભાગ ભજવતી હોય છે અને તેની ઝાંખી કરીને એમનો પરિચય પામી શકાય છે.

નિત્યાનંદજીનો જનસમુદાય પ્રત્યેનો વર્તાવ ઘણો વિચિત્ર હતો. કોઈ વાર તો તેઓ દર્શનાર્થીઓને ગાળો દેતા અને પથ્થર પણ મારતા. ધન તથા બીજી દુન્યવી કામનાઓની ઈચ્છાવાળા તથા સટ્ટો ખેલીને રાતોરાત માલદાર બની જવાની લાલસાવાળા લોકો એમની શાંતિમાં ભંગ પાડવા એમની પાસે જાય ત્યારે સ્વામીજી બીજું કરે પણ શું ? આવા લોકોને દૂર રાખવા એ જુદી જુદી જાતનો વ્યવહાર કરતા રહેતા-જેનું પરિણામ મોટે ભાગે સારું જ આવતું.

છતાં બધા માણસો કાંઈ માત્ર સ્વાર્થ લાલસાથી પ્રેરાઈને જ

'મહાત્મા'ઓનાં દર્શન માટે થોડા જ જતા હોય છે? સંસારમાં જુદી જુદી રુચિ અને પ્રકૃતિના લોકો વસે છે એ રીતે જોતાં, આત્મવિકાસની આકાંક્ષાવાળા આત્મા પણ એવા સમર્થ સંતપુરુષનાં દર્શન અથવા અનુભવનો લાભ લેવા પ્રેરાય છે. નિત્યાનંદજી પાસે કોઈ વાર એવા સાધક આત્માઓ પણ આવી જતા.

એવા એક સાધકની સાચી હકીકત જાણવા જેવી છે. એ સાધક એક યુવાન હતો. તેને યોગાભ્યાસમાં ઊંડો રસ હતો. એ રસથી પ્રેરાઈ એણે અષ્ટાંગયોગની સાધના કરવાનું શરૂ કરેલું અને વર્ષો સુધી એના પ્રયોગો કરેલા. ધ્યાનયોગના અભ્યાસથી મનનો લય કરી, સમાધિના અપાર્થિવ આનંદનો આસ્વાદ લેવાની અને છેવટે એક ધન્ય ઘડીએ અને ધન્ય પળે, પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની એની ઇચ્છા હતી.

એ ઈચ્છાપૂર્તિ માટે તે ઉત્સાહપૂર્વક નિયમિત અભ્યાસ કરતો; પરંતુ તેમાં સફળ થઈ શક્યો નહોતો. વર્ષોના પરિશ્રમ પછી પણ એનું મન શરીરમાં જ અટવાયા કરતું. દેહાધ્યાસ છોડી અતીન્દ્રિય અવસ્થાની અનુભૂતિ કરતા આત્મામાં મળી ન શકતું. એથી એ યુવકની ચિંતા વધી ગઈ હતી. યોગના ગ્રંથોમાં સૂચવ્યા પ્રમાણે બેઉ ભ્રમર વચ્ચે આવેલ આજ્ઞાચક્રનું એનું ધ્યાન સફળ ન થાય તો જીવનમાં આનંદ ક્યાંથી આવે?

એને થયું-કોઈ સિદ્ધાવસ્થાએ પહોંચેલા પ્રતાપી મહાપુરુષનો મેળાપ થાય અને તેમની કૃપા ઉતરે તો પોતાનો મનોરથ પૂરો થાય ખરો. એ દિવસો દરમ્યાન એ યુવકને ગણેશપુરીમાં વસતા સ્વામી નિત્યાનંદજી પાસે જવાની ઇચ્છા થઈ.



પરંતુ નિત્યાનંદજી કોઈ સાથે બોલતા'તા જ ક્યાં? દર્શને આવેલાંની લાંબી કતાર જામી હોવા છતાં એ તો એકદમ ઉદાસીન બની બેસી જ રહેતા. લાંબે વખતે બધા વિખરાયા છતાં પેલો સાધક યુવાન તો ઊભો રહ્યો. એને તો ગમે તે ભોગે પણ નિત્યાનંદજીની કૃપા જ મેળવવી હતી. એ કૃપામાં એનો વિશ્વાસ હતો. માટે તો એ ચાતક બનીને જોયા કરતો હતો.

મૂંગા ને સાચા હૃદયનો પોકાર જેમ પ્રભુને પહોંચે છે તેમ કૃપાના ક્ષીરસાગર સમા સંતોને પહોંચતો નથી એમ કોણ કહી શકે?

યુવાનના અંતરને એ વિરક્ત મહાત્મા ઓળખી ગયા અને તરત ઊભા થઈ રોષે ભરાઈને બોલ્યા, 'યહાં ક્યોં આયા?'

યુવાનને થયું-મહાત્મા બોલ્યા તો ખરા. એ ભલે રોષમાં બોલ્યા હોય પણ કહ્યું છે કે 'દેવતા અને સંતપુરુષોનો ક્રોધ પણ વરદાન તથા આશીર્વાદરૂપ હોય છે.' એટલે નિત્યાનંદજીનો રોષ મારે માટે તો મંગલકારક જ નીવડશે, એમ માની એ જરાય ડર્યા કે ડગ્યા વગર ઊભો રહ્યો. એને કાંઈ બોલવાની જરૂર જ ન લાગી.

એ સમજતો હતો-નિત્યાનંદજી અંતર્યામી છે એટલે તેમને કાંઈ કહેવાની જરૂર જ શી છે? એમનામાં એવી શક્તિ ન હોય તો એમની પાસે પોતાના કેસની રજુઆત કરવાથી પણ શો ફાયદો થવાનો હતો?

પરંતુ યુવાનની ધારણા અને શ્રદ્ધા ફળી. નિત્યાનંદજીનો રોષ વધી ગયો. એમનું સ્વરૂપ રૌદ્ર બન્યું અને પેલા યુવાનનો હાથ પકડી એમણે કહ્યું, 'યહાં ક્યોં આયા? યહાં દૃષ્ટિ લગા,

દૃષ્ટિ લગા. પ્રકાશ, પ્રકાશ, આનંદ, આનંદ ! ભાગ, ભાગ યહાંસે.' અને એમણે યુવાન સાધકને ધક્કો માર્યો.

ઉપદેશ યા સંદેશ આપવાની આ તે કેવી વિલક્ષણ રીત ? પરંતુ પેલા યુવકને એવી શંકા ન ગઈ. એને એ રીત ગમી. એમાં તેને સ્વામીજીના આશીર્વાદનું દર્શન થયું. ઘેર આવી બીજે જ દિવસે સવારે એ રોજની જેમ ધ્યાનમાં બેઠો. એની અવસ્થા રોજના કરતાં જુદી જ થઈ ગઈ મન એકાગ્ર બન્યું ને આજ્ઞાચક્રમાં પ્રકાશનું દર્શન થયું, આ પછી થોડા વખતમાં એને સમાધિનો અનુભવ થયો તેમજ તુર્યાવસ્થા આડેનું બંધ બારણું ઉઘડી ગયું. મહાપુરુષનું દર્શન, સ્પર્શન તથા સંભાષણ એ યુવાન સાધક માટે આ રીતે શ્રેયસ્કર થયું !

નિત્યાનંદજીએ અજ્ઞાત રીતે આવા ઘણાય સાધકોને સહાયતા કરી હશે એ કોણ કહી શકે ? એમનો બાહ્ય દેખાવ તદ્દન સાધારણ હોવા છતાં ય એમની આત્મશક્તિ અસાધારણ હતી.

એની પ્રતીતિરૂપ આ પ્રસંગ એમને માટે ઘણું કહી જાય છે. એવા પ્રાતઃસ્મરણીય સમર્થ મહાપુરુષને આપણે મનોમન વંદન કરીએ તે ઉચિત જ છે. જે લોકો એમની પાસે કેવળ ધન, વૈભવ, સંતાનપ્રાપ્તિ તથા નોકરીધંધા ને રોગનિવારણ જેવી બીજી લૌકિક લાલસાઓથી પ્રેરાઈને જ ગયા હશે તે માનવજીવનમાં નવી ચેતના જગાડનારી કે પ્રાણસંચાર કરનારી એમની આ અજબ શક્તિની કલ્પના પણ નહીં કરી શકે. એ શક્તિનો તેમને ખ્યાલ હોત તો એમની દ્વારા એ પોતાનું આત્મકલ્યાણ પણ કરી શકત. પરંતુ મહાપુરુષોની પાસે આપણે કેવળ દુન્યવી સ્વાર્થ માટે જઈએ છીએ ને આત્માના મંગલ માટે



નથી જતા એ એક મોટામાં મોટી કરુણતા છે. આપણી એવી વૃત્તિ કે પ્રવૃત્તિને મહાત્માઓ પોતે પોષે ઉત્તેજે ત્યારે તો એ કરુણતા અનેકગણી વધી જાય છે એમાં શંકા નથી. અખાના શબ્દોમાં કહીએ તો એવા મહાત્માઓ બીજું બધું ભલે હરે, પણ 'ધોખો' નથી હરી શકતા.

નિત્યાનંદજીએ બતાવેલી અસાધારણ શક્તિનો ઉલ્લેખ યોગગ્રંથોમાં કરાયેલો છે. એ ઉલ્લેખ પ્રમાણે મહાપુરુષો પોતાના દર્શન, સ્પર્શન, સંભાષણ અને સંકલ્પ દ્વારા બીજાની સુષુપ્ત શક્તિને જગાડી શકે છે ને જાગેલી શક્તિને આગળ વધારે છે.

ગુરુ તોતાપુરીએ શ્રી રામકૃષ્ણ પરમહંસની બે ભ્રમરો વચ્ચે કાચનો ટુકડો દબાવીને એમને સમાધિદશાની અનુભૂતિ કરાવેલી એ વાત બહુ જાણીતી છે ભ્રમરો વચ્ચે નજર સ્થિર કરવાનો સંદેશ પણ યોગની સાધનામાં બહુ મહત્ત્વનો છે. એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે, કે મહાપુરુષો અને યોગી-મહાત્માઓ આપણા જીવન-વિકાસમાં આપણને મદદ કરશે, માર્ગ બતાવશે કે પ્રેરણા પાશે-પરંતુ એની ભૂમિકા અથવા જરૂરી સાધના તો આપણે જ કરવી રહેશે સાચી ખંત, લગન તથા ઉત્સાહપૂર્વક સાધના કરનાર જ લાંબા સમયે કાંઈક 'નક્કર' મેળવી શકે છે. આમ હોવાથી સાધકોએ બધો આધાર બીજા પર ન રાખવો જોઈએ. પહેલાં આત્મકૃપા મેળવીએ તો પછી મહાપુરુષની કૃપા, ગુરુકૃપા અને આખરે ઈશ્વરકૃપા આપોઆપ મળી રહેશે.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ બાબા કાલી કમલીવાળા ॥

ગંગાતટે આવેલા ઉત્તરાખંડના સુંદર સુપ્રસિદ્ધ તીર્થસ્થાન હૃષીકેશની યાત્રા કરનાર યાત્રી, બાબા કાલી કમલીવાલાની સંસ્થાની મુલાકાત લે છે ત્યારે સંસ્થાના મુખ્ય મકાનમાં બાબા કાલી કમલીવાલા સ્વામીશ્રી વિશુદ્ધાનંદજીની પ્રતિમાનું દર્શન કરે છે. બાબા કાલી કમલીવાલા લોકસેવાના મહાન સાચા ભેખધારી હતા. એમણે સમગ્ર જીવન જનતાજનાર્દનની સેવામાં ગાળેલું.

દીનદુ:ખી, અનાથઅપંગ ને સાધુસંતોમાં એ ઈશ્વરનું દર્શન કરતા. એમને ઈશ્વરની પ્રત્યક્ષ પ્રતિમારૂપ માનતા. એમને મદદ કરવા, સુખશાંતિ આપવા બધું જ કરી છૂટતા.

એ વખતે હૃષીકેશની ભૂમિ લગભગ જંગલથી વીંટળાયેલી હતી. જંગલમાં હિંસક પશુઓ વાસ કરતા. એવાં પશુઓનો સામનો પ્રવાસીને ધોળે દિવસે પણ કરવો પડતો.

સાચા સંતસાધુઓને કોઈ જાતનો ભય ના હોય એટલે એવા એકાંત ઘોર પ્રદેશમાં ગંગાના સાન્નિધ્યનો આનંદ લેતાં એ તપ કરતા. કેટલાક સિદ્ધાવસ્થાએ પહોંચેલા, તો કેટલાક એ અવસ્થાની અનુભૂતિ માટે સંસારના સઘળા વિષયો અને રસોમાંથી મનને પાછું વાળીને પ્રામાણિકપણે પરમાત્માનું ધ્યાન ધરનારા કે સાધના કરનારા સાચા સાધકો હતા. મોટે ભાગે ફળફૂલ ને કંદમૂળ ખાઈને એ નિર્વાહ કરતા. કેટલાક આસપાસની પર્વતીય વસતિમાંથી ભિક્ષા લાવતા.

એવી પરિસ્થિતિમાં બાબા કાલી કમલીવાલાએ એ પવિત્ર



ભૂમિમાં પગ મૂક્યા. પહેલેથી જ એમનું મન સંતમહાત્માઓ પ્રત્યેના પ્રેમભાવથી ભરેલું હતું. આથી એમને થયું કે આવા એકાંતવાસી સાધનાપરાયણ સંતોની સેવા કરવી જોઈએ. એમની સેવા પણ એક જાતની મહાન સાધના જ છે ને.

આજુબાજુ રહેતી જનતાની પાસેથી લોટ તથા બીજી સામગ્રી લેવાનું કામ એમણે શરૂ કર્યું. એમાંથી એ રસોઈ બનાવતા અને અરણ્યમાં આવેલા સાધુઓના આશ્રમોમાં ઉત્સાહપૂર્વક ફરીને ભિક્ષા પહોંચાડતા.

સ્નેહ, સેવા અને સમર્પણભાવમાંથી શરૂ થયેલી એ પવિત્ર પ્રવૃત્તિ નિયમિત રીતે ચાલુ જ રહી. હૃષીકેશની મુલાકાતે આવતી ભાવિક ધર્મપ્રેમીઓ પર એણે ખૂબ જ ઘેરી અસર કરી. એટલે એમાં જનતાનો સહકાર મળ્યો.

વખતના વીતવા સાથે સારું એવું ફંડ થયું, મકાન થયું, ને સાધુસંતોની સાથે ગરીબ, અપંગ, અનાથ, દીનદુ:ખી, વિદ્યાર્થી, વિધવાઓ વગેરેની સેવાશુશ્રૂષા ઘણા મોટા પાયા પર થવા માંડી. એ પ્રવૃત્તિ પાછળનું સંકલ્પબીજ ઘણું પ્રાણવાન, પવિત્ર ને પ્રબળ હતું. એની પાછળ કોઈ અંગત સ્વાર્થ, લાલસા કે કામના ન હતી.

એમાંથી ઊગેલો અંકુર વખત જતાં વિશાળ વૃક્ષમાં પરિણમ્યો. સેવાનું એ વિશાળ વટવૃક્ષ અનેકનાં તનમનઅંતરને માટે આરામદાયક ને આશીર્વાદરૂપ થઈ પડ્યું.

કાલી કમલીવાલાનો ઉદ્દેશ પોતાના જીવનને ચંદનની જેમ પરાર્થે ઘસી નાખવાનો ને બીજાને સુવાસ પહોંચાડવાનો હતો. પોતે સંકટ સહીને, તપીને કે વ્યથા ભોગવીને પણ બીજાને સુખી

કરવાનો, આનંદ આપવાનો ઉદ્દેશ હતો. એ ઉદ્દેશની પૂર્તિ માટે એમણે આજીવન પરિશ્રમ કર્યો.

એમણે ઊભી કરેલી સેવાની વિશાળ સંસ્થા તે જ બાબા કાલી કમલીવાલાની સંસ્થા. ભારતમાં જ નહીં, પરંતુ ભારતની બહાર પણ આવી સંસ્થાનો જોટો મળવો મુશ્કેલ છે.

કેટલાક લોકો માને છે તેમ એ સંસ્થા એકલી સાધુઓને ભિક્ષા આપનારી સંસ્થા નથી. એના તરફથી બીજી ઘણી પ્રવૃત્તિઓ ચાલે છે. સાધુઓને, પાઠશાળાઓમાં ભણતા સાધન વગરના વિદ્યાર્થીઓને, વિધવાઓને ને બીજા અછતવાળા લોકોને રોજ લોટ, દાળ, અનાજ, મસાલા આપવામાં આવે છે. સાથે સાથે સંસ્થા, ઔષધાલય, પુસ્તકાલય, ગૌશાળા, પરબ, સત્સંગભવન, સંસ્કૃત વિદ્યાલય અને આત્મવિજ્ઞાનભવનની પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. ૧૬૦ જેટલા સંતો ને ૧૨૫ જેટલા કુષ્ઠ રોગીઓને પંદર પંદર દિવસની ખાદ્યસામગ્રી એક સાથે આપવાનો પ્રબંધ પણ કરવામાં આવ્યો છે. લોટ જેવી સામગ્રીનો લાભ રોજ લેનારાં સ્ત્રી-પુરુષોની સંખ્યા ૨૫૦ થી ૬૦૦ સુધીની હોય છે ને રોજના ૮૦૦ થી ૧૦૦૦ સાધુઓ તૈયાર રસોઈ લેતા હોય છે. યાત્રાના દિવસો દરમિયાન એમની સંખ્યા સ્વાભાવિક જ વધી જાય છે.

હૃષીકેશની લક્ષ્મણઝૂલાની જગ્યામાં ગંગા પાર કરવા માટે પહેલાં દોરડાંનો કાચો પુલ હતો. પુલની નીચેનો પ્રવાહ અત્યંત ઊંડો ને વેગવાળો હોવાથી મુસાફરોને ઘણી મુશ્કેલી પડતી.

બાબા કાલી કમલીવાલા તો લોકોની મુશ્કેલીઓના નિવારણમાં જ આનંદ માનનારા. એમનાથી એ મુશ્કેલી કેવી



રીતે જોઈ શકાય ? એમણે એમનો ઉપાય કરવાનો સંકલ્પ કર્યો ઈશ્વરે એમની પાસે શેઠ સૂરજમલ ઝુનઝુનવાળાને નિમિત્ત બનાવવા માટે મોકલી આપ્યા. એમણે બાબાને ધન પ્રદાન કરવાની ઈચ્છા બતાવી.

બાબાએ કહ્યું : ‘ધનને લઈને હું શું કરીશ ? હું તો સંન્યાસી છું. એટલે વ્યક્તિગત ધનસંગ્રહ ના કરી શકું. તમારી ઈચ્છા ધનનો સદ્ઉપયોગ કરવાની જ હોય તો આ પુલને પાકો કરી દો.’

આથી લોકોનું ભલું થશે. લોકસેવાના આ ઉત્તમ યજ્ઞમાં તમે આહુતિ આપો.’ અને એમના આદેશાનુસાર સુરજમલ શેઠે એ પુલને ઠેકાણે આજનો સુંદર પાકો પુલ બનાવી દીધો. એ પુલ પરથી પસાર થતા પ્રવાસીઓને ખબર પણ નહીં હોય કે એ કાલી કમલીવાળાના સેવાભાવનું પ્રત્યક્ષ પ્રાણવાન પ્રતીક છે.

સેવાક્ષેત્રે એ મહાપુરુષનો એક બીજો સુંદર ફાળો પણ જાણવા જેવો છે. એ વખતે બદરીનાથની યાત્રા ઘણી કઠિન કહેવાતી.

ધર્મભાવનાવાળા સ્ત્રી-પુરુષો ખૂબ ખૂબ વિપત્તિઓ વેઠીને એ વિકટ યાત્રા પૂરી કરતાં. એ વખતે આજના જેવી મોટરો તો ત્યાં દોડતી જ નહીં. માર્ગમાં પૂરતી ધર્મશાળાઓનો પણ અભાવ હતો.

બાબાએ ઈ.સ. ૧૮૮૦માં બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી તથા જનમોત્રીની યાત્રા કરીને એ માર્ગની મુશ્કેલીઓનો અનુભવ કર્યો. આથી એમનું પરગજુ હૃદય કકળી ઊઠ્યું. એ માર્ગની મુસીબતોને ઓછી કરવાનો એમણે નિર્ણય કર્યો. એ સંકલ્પને સાકાર સ્વરૂપ આપવા એમણે સહરાનપુર, મેરઠ, દિલ્હી ને

કલકત્તા જેવા શહેરોનો પ્રવાસ કરી, લોકલાગણીને જાગ્રત કરી.

ત્યાંના સેવાભાવી શ્રીમંતોનો સંપર્ક સાંધ્યો. એ સંપર્કના પરિણામે એમની ભાવના ફળીભૂત થઈ. બદરી, કેદાર, ગંગોત્રી ને જમનોત્રીના માર્ગમાં એમણે ઠેકઠેકાણે નેવું જેટલી ધર્મશાળાઓ, પરબો, ઔષધાલયો, પુસ્તકાલયો, સદાવ્રતો, અન્નક્ષેત્રો, સાધુકુટિરો તેમજ મુસાફરોને મદદરૂપ થાય એવી બીજી પ્રવૃત્તિઓનું નિર્માણ કર્યું. એના સફળ સંચાલન માટે વ્યવસ્થા કરી.

ઉત્તરાખંડના એ ચારે ધામની યાત્રા દરમિયાન એ મહાપુરુષની સેવાવૃત્તિનો પરિચય આપતી કેટલીય પ્રવૃત્તિઓ જોઈને આજે પણ આપણા અંતરમાં એમને માટે આદરભાવ ઉત્પન્ન થાય છે.

ઉત્તરાખંડ સિવાય હરિદ્વાર, હૃષીકેશ, રામનગર, કનખલ, કલકત્તા, કુરુક્ષેત્ર ને પ્રયાગરાજ જેવા સ્થળોમાં ય એમની સેવા સંસ્થાઓ વિસ્તરવા માંડી.

એમનો જન્મ પંજાબના ગુજરાનવાલા જિલ્લામાં જલાલપુર ગામમાં ઈ.સ. ૧૯૩૧માં એક વૈશ્ય કુટુંબમાં થયેલો. એમનું મૂળ નામ બિસાવાસિંહ હતું. નાની ઉંમરથી જ એમનામાં વૈરાગ્યવૃત્તિના અંકુરો ઊગવા માંડેલા, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી પણ એ વૃત્તિ કાયમ રહી. એના પરિણામરૂપે છેક બત્રીસ વરસની ઉંમરે પત્ની, પુત્ર તેમજ કુટુંબીજનોને એમણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, મારા જીવનનો બાકીનો સમય હું લોકસેવામાં વિતાવવા માગું છું.



એમનો દૃઢ નિશ્ચય આખરે વિજયી નીવડ્યો. તપોનિધિ મહારાજ પાસેથી એમણે સંન્યાસની દીક્ષા લીધી. એ પછી એમનું નામ વિશુદ્ધાનંદ પડ્યું. પરંતુ એ મોટે ભાગે કાળી કામળી પહેરતા હોવાથી બાબા કાલી કમલીવાલાના સાંકેતિક નામે ઓળખાવા માંડ્યા. મીરાંની પેઠે એમને પણ કદાચ થયું હશે કે 'ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ના લાગે કો'ય.'

જેમ કૃષ્ણપ્રેમમાં ડૂબેલી મીરાંને સંસારનો કોઈ ડાઘ ના લાગ્યો તેમ લોકસેવાની લગનવાળા વિશુદ્ધાનંદ પણ સેવા કરતાં કરતાં દુનિયાના ભાતભાતના ડાઘથી દૂર રહ્યા. સેવા કરતાં કરતાં જેમ કેટલાક સેવાને ભૂલીને મેવામાં પડી જાય છે તેમ વિશુદ્ધાનંદજી પદ, પ્રતિષ્ઠા, પૈસા કે મદના મેવામાં ન પડ્યા. એમણે આજીવન સેવામાં જ મેવાની મીઠાશ માણી. જે સેવાધર્મને અત્યંત ગહન, સૂક્ષ્મ, જટિલ ને યોગીઓની પણ સમજમાં ના આવે એવો અસાધારણ કહ્યો છે, અને જે ધર્મમાર્ગે કોઈક વિરલ, પ્રામાણિક, જાગ્રત, વિશુદ્ધ પ્રકૃતિના, અનુકંપાભરેલા સંતો જ સફળતાપૂર્વક આગળ વધી શકે છે, તે માર્ગે એમણે સ્વસ્થતા સાથે સફર કરી.

જેમનું હૃદય બીજાને સુખી કરવા સંવેદનશીલ બને છે, જે સદાય સમર્પણભાવના સેવે છે, એની સેવા ગમે તે ક્ષેત્રમાં હોય તો પણ સમાજને માટે આશીર્વાદરૂપ છે. એવા મહાપુરુષો માનવજાતિની મહામૂલી મૂડી છે. સમાજની સુરત પણ આવા સમાજઘડવૈયાઓ ફેરવી શકે છે.

જીવનની છેલ્લી ક્ષણ સુધી અવિરત સેવા કરનાર કાલી

કમલીવાલા, પોતાને સેવક, સેવાવ્રતના ભેખધારી કે કર્મયોગી કહેવડાવામાં ગૌરવ નહોતા માનતા. એવા ઉપનામથી એ દૂર જ રહેતા.

કોઈ એમને કહેતું કે તમે ભારે મહત્ત્વની સેવા કરી રહ્યા છો. તો એ ઉત્તર આપતા કે, તમે શું ભાન ભૂલીને મને માનરૂપી મદિરા પાવા માંડ્યા ? સેવા કોણ કરે છે ? ગાડા નીચે કૂતરું ચાલે એટલે એણે સેવા કરી ? હું તો ઈશ્વરના હાથનું હથિયાર છું. નિમિત્ત છું. જે કરાવે છે તે કર્યે જાઉં આથી વધારે કશું જ નહીં.

આજે એ વિરક્ત લોકોપકારી સદેહે હયાત નથી પણ એમણે સ્થાપેલી સંસ્થા અને એનાં કાર્યો દ્વારા અમર છે. એમના યશશરીરને વૃદ્ધાવસ્થાયે નથી ને મૃત્યુયે નથી. આજે તો સાધનો વધ્યાં છે, પણ વરસો પહેલાંની પરિસ્થિતિ આજના જેટલી અનુકૂળ ન હતી. ત્યારે એમને જે પરિશ્રમ કરવો પડ્યો. ને વિપત્તિ વેઠવી પડી એનો સાંગોપાંગ, કડીબદ્ધ, પ્રમાણભૂત ઈતિહાસ તો એમના પાસે જ રહી ગયો. આપણી પાસે તો એની ઝલકમાત્ર છે.

છતાં પણ, શૂન્યમાંથી એક વિરાટ સેવાસંસ્થાનું સર્જન કરનાર, એ સંતપુરુષને માટે આપણને માન તો થાય છે જ. એમનું જીવન પેલા કહેલા કવિત જેવું જ હતું.

**જનની જણ તું ભક્ત જણ, કાં દાતા, કાં શૂર,**
**નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર !**

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ સિદ્ધ પુરુષ : બચ્ચીદાસજી ॥

આધ્યાત્મિક સાધનાના માર્ગમાં બહારના ભણતરની જરૂર પડે છે ખરી ? બહારનું ભણતર આવી સાધનામાં અંતરાયરૂપ નથી; બહારનું ભણતર હોય તો આધ્યાત્મિક સાધના થઈ શકે; પરંતુ એના સિવાય પણ સાધના થઈ શકે એટલે કે સાધના માર્ગમાં એ એક અનિવાર્ય આવશ્યકતા નથી. એ વાતની પ્રતીતિ બાબા બચ્ચીદાસજીના જીવન પરથી સહેજે થઈ રહે છે.

બાબા બચ્ચીદાસ તદ્દન અભણ હતા. આધુનિક નિશાળનું ભણતર એમને બિલકુલ નહોતું મળ્યું. છતાં સાધનાનાં માર્ગમાં ઘણા આગળ પહોંચેલા હતા, ને એમના મુખમાંથી અનુભવજન્ય જ્ઞાનની એવી એવી ઊંચી વાતો નીકળતી, જેને સાંભળવી એ પણ એક લહાવો હતો. ઘડીભર તો શ્રોતાઓ એ વાતો સાંભળીને મુગ્ધ થઈ જતા ને વિચાર કરતા આ સંતપુરુષની અંદર આવું ઉત્તમ પ્રકારનું અધ્યાત્મજ્ઞાન ક્યાંથી આવ્યું ? પરંતુ એ જ્ઞાન અને તેની અભિવ્યક્તિ પાછળ એમનો ઊંડો, લાંબા વખતનો સ્વાનુભવ જ કામ કરતો હતો. એ સત્યની સમજ પણ એમને સહેલાઈથી પડ્યા વિના રહેતી નહીં.

ભારતનાં ધર્મશાસ્ત્રોએ ગુરુનો મહિમા ખૂબ જ મુક્તકંઠે ગાયો છે. પોતાના પરમ જ્ઞાનરૂપી પ્રકાશથી શરણાગત શિષ્યના અંતરના અજ્ઞાનરૂપી અંધકારને કાયમને માટે દૂર કરનારા અને એને દિવ્યચક્ષુ દેનારા ગુરુને શાસ્ત્રોએ બ્રહ્માની સાથે સરખાવ્યા છે, વિષ્ણુ બરાબર માન્યા છે. શંકર કહીને બિરદાવ્યા છે અને એટલાથી સંતોષ ન થતાં એથી પણ આગળ વધીને સાક્ષાત પરબ્રહ્મ કહી બતાવ્યા છે. એની પાછળ કેવળ અંધશ્રદ્ધા,

અતિશયોક્તિ કે ભાવુક્તા નથી, પરંતુ વાસ્તવિકતા છે. દ્વંદ્વાતીત તથા પરમ સુખદાયક થયેલા એ પરમાત્મદર્શી સદ્‌ગુરુની શક્તિનો જીવનમાં અનુભવ કરી ચૂકેલ પુરુષોએ ગુરુનો એ મહિમા ગાયેલો છે. એ પણ એમને અંજલિ આપવા અને બહુ અલ્પ માત્રામાં. બચ્ચીદાસને એવા મહાન જ્ઞાનમૂર્તિ, યોગસિદ્ધ સદ્‌ગુરુનો સમાગમ થયેલો.

એ હિમાલયના દેવપ્રયાગ સ્થાનમાં રહેતા ત્યારે 'બંગાલી બાબા' નામના એક સિદ્ધ મહાપુરુષ બદરીનાથની યાત્રાએથી પાછા વળતાં ત્યાં આવી પહોંચ્યા. બચ્ચીદાસ ત્યારે દેવપ્રયાગમાં અલકનંદા અને ભાગીરથીના સુંદર સંગમ પરની એક નાનકડી ગુફામાં રહેતા. બંગાળી બાબાએ પ્રથમ પરિચયે જ એમના આત્માના સુષુપ્ત સંસ્કારોને ઓળખી કાઢ્યા, અને એમના પ્રત્યે પ્રેમ બતાવ્યો પછી તો બચ્ચીદાસે ભારે શ્રદ્ધા ને ઉત્સાહથી બંગાળી બાબાની સેવા કરી. એથી બંગાળી સંત પ્રસન્ન થયા. એમણે બચ્ચીદાસજીને મંત્રદીક્ષા આપીને સાધનાની ક્રિયા બતાવી. પછી તો બચ્ચીદાસજી ગુરુની આજ્ઞાનુસાર બદરીનાથ ગયા ને ત્યાં રહીને સાધના કરવા માંડ્યા. એમનું અંતર સ્વચ્છ હતું, તથા શ્રદ્ધા દૃઢ ને લગની પણ ઉત્કટ હતી, એટલે સાધનામાં ખૂંપી જતાં એમને વાર લાગી નહીં. બદરીનાથની ઠંડી અસહ્ય હોય છે. નર-નારાયણ પર્વત વચ્ચે વિસ્તરેલી એ ભૂમિમાં સામાન્ય માણસ માટે લાંબા વખત લગી રહેવું મુશ્કેલ છે. છતાં વરસો સુધી બચ્ચીદાસજીએ ત્યાં એકધારો નિવાસ કર્યો, એની પાછળ એમની ઉત્કટ વૈરાગ્યવૃત્તિ, નિતાંત એકાંત-પ્રિયતા, પ્રખર સાધનાપરાયણતા તથા તીવ્ર તિતિક્ષા કામ કરી રહી હતી. એવા વિશેષ ગુણો વિના એ ત્યાં ભાગ્યે જ રહી શક્યા હોત. એ એકાંત શાંત, સુંદર, સ્વર્ગીય પ્રદેશમાં રહીને



એમણે એકધારી સાધના કરી, છેવટે શાંતિ તથા સિદ્ધિ મેળવી. બદરીનાથનો મહિમા એમને લીધે વધી ગયો. બદરીનાથની યાત્રાએ આવતાં ભાવિક સ્ત્રીપુરુષો એમનાં દર્શને પણ અચૂક જતાં. એમનાં દર્શન, સમાગમ તથા સત્સંગથી લાભ મેળવતાં.

છેવટનાં વરસોમાં તો એ શિયાળામાં પણ બદરીનાથની આજુબાજુ રહેતા. બદરીનાથમાં ઋષિગંગા અને અલકનંદાના સંગમ પાસે એક નાનકડી મઢુલીમાં એ વસવાટ કરતા. ઈ.સ. ૧૯૪૪માં એ મઢુલીમાં મેં એમની મુલાકાત લીધી ત્યારે એમના મુખ ઉપર અસીમ શાંતિ અને એમનાં નેત્રોમાં અસાધારણ દીપ્તિની છાયા હતી. એ જોઈને, એમણે જીવનનું ધ્યેય સિદ્ધ કર્યું લાગતું હતું. આત્મશ્રદ્ધા, ગુરુશ્રદ્ધા ને સતત પુરુષાર્થ સાથેની ઈશ્વરકૃપાથી માનવી જીવનની ધન્યતાની કેટલી ઉચ્ચોચ્ચ કક્ષાએ ચડી જઈ શકે તેના જીવતા જાગતા ઉદાહરણરૂપે એ અમારી સામે શાંતિથી બેઠા હતા. એમને જોઈને અમારા અંતરમાં આદરભાવ ઉત્પન્ન થયો.

'નર જો કરણી કરે તો નારાયણ હો જાય' એ વાત ખોટી નથી. સંપૂર્ણ સાચી છે. પરંતુ નર મન મૂકીને પૂરતી શ્રદ્ધાભક્તિથી કરણી કરે તોને ? હજારો ને લાખો લોકો એવાં છે, જે નારાયણ થવાનો તો શું પણ 'નર' થવાનો પુરુષાર્થ પણ સાચા અર્થમાં નથી કરતા. તે જો જીવનની મહત્તા સમજીને બચ્ચીદાસની જેમ પુરુષાર્થ કરે તો શું ધાર્યું મેળવી શકે નહીં ?

●

આત્મિક વિકાસની ઉચ્ચોચ્ચ અવસ્થાએ પહોંચેલા પુરુષનું સૌથી મોટું મહત્ત્વનું લક્ષણ કયું હોય છે ? એવા એક પ્રવાસીના પ્રશ્નના જવાબમાં બચ્ચીદાસજીએ સહજ સ્મિત કરીને જણાવ્યું-

'શાંતિ'. મનુષ્ય એવી શાશ્વત શાંતિની શોધમાં છે અને સાધનાથી પોતાના અંતરના ઊંડાણમાં ઉતરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાથી એ શાંતિ સહેલાઈથી કાયમને માટે સાંપડી શકે છે. પરમાત્મા પોતે સનાતન શાંતિસ્વરૂપ હોવાથી એમની સાથે પ્રત્યક્ષ સંબંધ બાંધનાર શાંતિની મૂર્તિ બને છે. જેનામાં ચંચળતા, અહંતા, શંકા તથા ભ્રાંતિ છે તે પરમાત્માથી દૂર છે. એવું સમજી લેવું.

●

કોઈએ પૂછ્યું : 'સાધુનું ભૂષણ શું ?' તો એમણે કહ્યું : 'શુદ્ધિ અને સમતા. એને જ સાધુતા તરીકે ઓળખવામાં આવે છે. સાધુનું જીવન મોજશોખ કે ભોગવિલાસ માટે નથી હોતું. સંયમ અને સમાજની સેવા કાજે હોય છે. જે સાધુજીવનનો ઉપયોગ વૈભવશાળી બની આમોદપ્રમોદ કરવામાં કરે છે તે અધઃપતનને નોતરે છે. સાધુજીવન સાધનાનું તથા જાગૃતિનું જીવન છે.'

બચ્ચીદાસજી સદા સફેદ વસ્ત્રો પહેરતા, તે જોઈ એક સંન્યાસી મહારાજે 'ભગવાં કેમ નથી પહેરતા ?' એવો પ્રશ્ન પૂછ્યો તો નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો : 'મને ભગવાં વસ્ત્રોનો મોહ નથી. ભગવા અંતરનો અનુરાગ છે. વસ્ત્રોની ખોટી ચિંતા હું નથી કરતો.'

●

એમના સાધનાવિષયક અનુભવો અસાધારણ હોવાથી એમને સાંભળવાથી આનંદ થતો. એમણે એક અજબ અનુભવનું વર્ણન કરતાં કહ્યું; 'એકવાર બદરીનાથના મંદિરના બંધ થયા પછી, એ બદરીનાથથી સાતેક માઈલ દૂર 'લક્ષ્મીવન' નામે એકાંત સ્થાનમાં જઈને પર્વતની એક ગુફામાં હું રહેવા લાગ્યો.'



રાતે મારી પાસે કોઈ અજબ દેખાવના દૈવી આત્માઓ આવી મને કહેવા લાગ્યા :

'અહીં કેમ બેઠા છો ?'

'ભજન કરવા.' મેં કહ્યું.

'આ તો અમારો પ્રદેશ છે. મૃત્યુલોકના માનવોનો નથી. તમે બદરીનાથ જઈને ભજન કરો.'

મેં એ માન્યું નહીં. એ એમના આગ્રહને વળગી રહ્યા. બીજે દિવસે રાતે એ આત્માઓ પાછા આવ્યા અને મને લઈને આકાશગમનની સિદ્ધિથી ઉડવા માંડ્યા. જોતજોતામાં તો એમણે બદરીનાથમાં પહોંચીને મારી નાની સરખી મઢુલી આગળ મૂકી દીધો, ને પછી જણાવ્યું : 'ભૂલેચૂકે ત્યાં આવશો તો તમારા આવા હાલ થશે. અહીં રહીને જેટલું કરવું હોય એટલું ભજન કરી શકો છો.'

બચ્ચીદાસજી એ આત્માઓને ઓળખી શક્યા નહીં-પરંતુ કહેતા હતા : 'એમની આકૃતિઓ અત્યંત આકર્ષક અને ગૌર વર્ણની હતી. એ અસાધારણ અનુભવ પછી એ 'લક્ષ્મીવન' ગયા નહોતા. ઈ.સ. ૧૯૪૮ની આસપાસ શિયાળામાં એમણે કેદારનાથ તરફ પ્રયાણ કરીને એ તરફ જ દેહત્યાગ કર્યો. મહાદેવમંદિરમાં એકઠા થયેલા દર્શનાર્થીઓએ અસીમ આશ્ચર્ય વચ્ચે જોયું કે બચ્ચીદાસજી શિવલિંગ પર માથું મૂકી કાયમને માટે ઢળી પડેલા. ભગવાન શંકરે એમને પ્રેમથી સત્કારી પોતાના સ્વરૂપમાં સમાવી દીધેલા. એમની અસાધારણ સાધનાથી તેઓ સિદ્ધિ મેળવીને અમર બની ગયા.'

**–શ્રી યોગેશ્વરજી**

# ॥ સિદ્ધ મહાત્મા કૃષ્ણાશ્રમજી ॥

**ભ**ગવતી ભાગીરથીનો કલકલ નાદ કરતો સુંદર પ્રશાંત પ્રવાહ વરસોથી વહી રહ્યો છે. એની આજુબાજુ એકાંત અરણ્ય ને આકાશને અડવાની હરીફાઈ કરતા ઊંચાઊંચા હિમાચ્છાદિત પર્વતો છે. એ અસાધારણ આનંદદાયક દૃશ્યને જોતાવેંત જ એમ થાય છે કે અહીં રહી જઈએ ને થોડો વખત તપશ્ચર્યા કરીને આત્માનુભવથી જીવનને કૃતાર્થ કરીએ.

જે સુંદર પ્રદેશ મનને એવી રીતે પ્રથમ દર્શને જ મુગ્ધ કરે છે તથા સર્વોત્તમ આધ્યાત્મિક જીવનની ઉદાત્ત ભાવનાઓથી ભરે છે તે ઉત્તરાખંડના ગંગોત્રી પ્રદેશનો પુણ્યપ્રવાસ દર વરસે હજારો પ્રવાસીઓ કરે છે, અને એ પવિત્ર પુરાણપ્રસિદ્ધ પ્રદેશનાં સુખદ સંસ્મરણો લઈને પાછા ફરે છે.

હિમાલયના એ ગંગોત્રી ધામમાં, ભગવતી ભાગીરથીને સામે કિનારે, એક નાની સરખી કુટિરમાં એક મહાપુરુષ બેઠેલા છે. હિમાલયની ઋષિમુનિસેવિત ભૂમિમાં વસનારા એ મહાપ્રતાપી મહાત્માઓમાંના એકને જોવા હોય તો આવો એમનું દર્શન કરીએ.

એમણે ગંગોત્રીના અતિશય ઠંડા વાતાવરણમાં વસવા છતાં પોતાના શરીર પર એકે વસ્ત્ર નથી વીંટ્યું. એ તદ્દન દિગંબર દશામાં શરીરને ટટ્ટાર યાને સીધું રાખી, પદ્માસન વાળીને બેઠા છે. એમના શરીરની ચામડી ખૂબ જ કાળી છતાં કાંતિવાળી છે. એમની આંખો તેજસ્વી, શાંત અને મોટી છે તથા એમના મસ્તક પર જટા છે.



એ કેવળ પરાળ પર બેઠા છે. દર્શનાર્થીઓ આવે છે ને જાય છે પરંતુ એ એવા જ અચળ રહે છે. કલાકો લગી પદ્માસન પર બેસી રહે છે. વરસોથી એ મૌનવ્રત રાખતા હોવાથી કોઈની સાથે વાતચીત નથી કરતા. તો પણ કોઈ જિજ્ઞાસુ કોઈ પ્રશ્ન પૂછે તો જમીન પર આંગળીની મદદથી લખીને એ પ્રશ્નોના ઉત્તર પૂરા પાડે છે. એ ઉત્તરો ઘણા મુદ્દાસરના ને સારવાહી હોય છે. જુઓને, એક જિજ્ઞાસુએ આસપાસની શાંતિનો ભંગ કરીને એમને હિંમતપૂર્વક પ્રશ્ન પૂછ્યો :

'મહારાજ, જીવનકા ધ્યેય કયા હૈ ?'

એમણે આંગળીથી જમીન પર લખી સ્મિતપૂર્વક તરત ઉત્તર આપ્યો, 'અપનેકો પહચાનના.'

જિજ્ઞાસુના મનનું સમાધાન થઈ ગયું. સ્વરૂપનો સાક્ષાત્કાર સચ્ચિદાનંદરૂપ પરમાત્માનું દર્શન અથવા આત્માનુભવ એ જ જીવનનું ધ્યેય છે એની એને ખાતરી થઈ.

કોઈક વાર એ મહાપુરુષની ઈચ્છા હોય અથવા એમને પ્રેરણા થાય તો એ વગર પૂછ્યે પણ વાત કરે છે. એક તાજેતરનું જ ઉદાહરણ આપું. ઉત્તર પ્રદેશના એક ધનાઢ્ય, લબ્ધપ્રતિષ્ઠ પુરુષ ગંગોત્રીની યાત્રાએ ગયા. એમણે એ મહાપુરુષની મુલાકાત લીધી પરંતુ એમની સાથે જે સ્ત્રી હતી તે એમની પોતાની સ્ત્રી ન હતી.

એમની પોતાની પત્નીનું તો મૃત્યુ થયેલું અને એ પછી ઘરબાર વગરની અને બૂરે રસ્તે ચઢી ગયેલી સાધારણ જાતિની એ સ્ત્રીને એમણે કુટુંબીજનોની અનિચ્છાની ઉપરવટ જઈને,

પોતાની સ્ત્રી તરીકે પોતાના ઘરમાં રાખેલી.

એની સાથે એમણે વિધિપૂર્વક લગ્ન નહોતું કર્યું તો પણ બહારના બીજા લોકો એવું જ માનતા કે એ એમની પત્ની છે. ગંગોત્રીમાં એ સ્ત્રીને લઈને એ પેલા પ્રાતઃસ્મરણીય મહાત્મા પુરુષના દર્શન માટે ગયા ત્યારે, પોતાના વ્યક્તિગત જીવનની એ હકીકત એમણે જાહેર ના કરી તો પણ, એ મહાત્મા પુરુષે એમના મનના ભાવોને માપી લઈને પોતાથી લાક્ષણિક ઢબે લખી બતાવીને કહ્યું, 'ઈસ સ્ત્રીકો ઘરમેં રખ્ખી હૈ સો અચ્છા કિયા હૈ. એક દુર્દશાગ્રસ્ત નારીકા ઉદ્ધાર હુઆ-પરંતુ ઉસે છોડના નહીં ઔર દુઃખી ભી નહીં કરના, ઉસકા બરાબર ધ્યાન રખના.'

શ્રીમંતના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એમને થયું કે આ મહાપુરુષને મારી સાથેના આ સ્ત્રીના સંબંધની ગુપ્ત વાતની ખબર ક્યાંથી પડી ?

એમને ખાતરી થઈ કે આ મહાપુરુષની શક્તિ ઘણી અસાધારણ છે, એટલે જ એ મારા જીવનને જાણી શક્યા છે.

એ પોતે સંતોમાં શ્રદ્ધા રાખતા ન હોવા છતાં, એ મહાપુરુષ માટે એમના મનમાં માન પેદા થયું અને પછી તો એ મહાપુરુષના એ ભક્ત બની ગયા.

એમણે એમની સ્મૃતિને સાચવી રાખવા માટે, એમની ઉપરાઉપરી આનાકાની છતાં, એમના ફોટા લીધા. એમના વધુ ને વધુ સમાગમની ઈચ્છાથી પ્રેરાઈ ગંગોત્રીનો પોતાનો મુકામ લંબાવ્યો.

ગંગોત્રીના પુણ્યપ્રદેશમાં હિમાચ્છાદિત પર્વતમાળાથી



વીંટળાયેલા એકાંત, શાંત આશ્રમમાં વર્ષોથી રહેતા તથા પોતાના દર્શનમાત્રથી જ લોકોને માટે પ્રેરક થનારા એ મહાપુરુષ કોણ છે તે જાણો છો ? એમનું નામ મહાત્મા કૃષ્ણાશ્રમજી છે.

એમને જોતાં કે એમની પાસે બેસતાંવેંત હૃદય એક પ્રકારની ઊંડી શાંતિ, સાત્ત્વિકતા ને પ્રસન્નતાનો અનુભવ કરે છે, ને લાગે છે કે પ્રાચીન કાળના કોઈ વાલ્મિકી, વસિષ્ઠ કે વિશ્વામિત્ર જેવા મહાત્મા પુરુષ પાસે આપણે આવી પહોંચ્યા છીએ. એ સનાતન શાંતિમાં સ્નાન કરતા બેઠા હોય છે એ મહાત્માને કોઈ પ્રકારનાં પ્રવચન કરવાની યા ભાષણ આપવાની આવશ્યકતા નથી હોતી, એમનું જીવન જ શાસ્ત્ર અથવા પ્રવચનરૂપ હોય છે.

એમની હાજરી જ અવની માટે આશીર્વાદરૂપ હોય છે તેઓ પોતાના આદર્શ જ્યોતિર્મય જીવન દ્વારા જ કેટલાયના જીવનમાં ક્રાંતિ કરે છે, પ્રેરણા ધરે છે ને પ્રકાશ ભરે છે.

વિશ્વસ્ત સૂત્રોના આધાર પર જાણી શકાયું છે કે કૃષ્ણાશ્રમનું વય અત્યારે એકસો બે વરસનું છે. છતાં પણ એમનું શરીર સ્વસ્થ અથવા સુદૃઢ છે, અને એમનો નિત્યક્રમ એવી જ અબાધિત રીતે ચાલુ રહે છે, એ આત્મિક રીતે આટલી બધી ઊંચી અવસ્થાએ પહોંચેલા હોવા છતાં, પોતાના મોટા ભાગનાં કામો પોતાની મેળે જ કરી લે છે.

હમણાં ગયા ઑક્ટોબર મહિનામાં જ એક ભાઈ એમના દર્શને ગયેલા. એક દિવસ વહેલી સવારે એ એમની પાસે ગયા તો એમણે એક અજબ દૃશ્ય જોયું. દિગંબર સ્વરૂપના કૃષ્ણાશ્રમજી ભગવતી ભાગીરથીમાં સ્નાન કરીને બે હાથમાં પાણી ભરેલી બે ડોલ લઈને પોતાની કુટિર તરફ આવી રહેલા

કેટલું સુંદર છતાં કરુણ દર્શન ! એ જોઈને પેલા ભાઈ દોડીને એમની પાસે પહોંચ્યા અને એમના હાથમાંથી ડોલ લેવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ પ્રયાસ સફળ ના થયો.

કૃષ્ણાશ્રમજી ડોલને ઊઠાવીને શાંતિપૂર્વક આશ્રમમાં આવ્યા અને પછી પરાળ પર પદ્માસન લગાવી બેસી ગયા જમીન પર લખીને એમણે કહી બતાવ્યું.

'અપના કામ જહાંતક હો સકે અપને હાથસે કરના અચ્છા. ઉસમેં આનંદ, આઝાદી ઔર સુખ હૈ.'

ગંગોત્રીમાં જ રહેતા કૃષ્ણાશ્રમજીના ભક્ત સ્વામી સુંદરાનંદજી કહે છે કે કૃષ્ણાશ્રમજીનો એ રોજનો ક્રમ છે. ગંગામાંથી (ગંગોત્રીમાં એમનું નામ ભાગીરથી છે) એ રોજ પોતાના હાથે જ પાણી ભરી લઈ આવે છે.

સુંદરાનંદજી મહાત્મા કૃષ્ણાશ્રમના જીવનની એક બીજી કથા કહી બતાવે છે :

એક વાર કુટિરનો પાછળનો પહાડ તુટી પડવાથી કુટિરને નુકશાન થયું. કૃષ્ણાશ્રમજી ભયંકર રીતે ઘાયલ થયા. એમના શિરમાં ને મુખમાં કાંટા તથા જંગલી લાકડીઓ પેસી ગઈ. એમના જખમમાંથી લોહી નીકળવા લાગ્યું અને એ બેશુદ્ધ જેવા બની ગયા.

સ્વામી સુંદરાનંદજીએ તે અતિ દુઃખદ દૃશ્યને જોયું ત્યારે એમનું કાળજું કંપવા લાગ્યું. કૃષ્ણાશ્રમજીએ એમને પોતાના શિર, મુખ અને શરીરમાંથી કાંટા ને લાકડીઓ કાઢવાની સૂચના કરી. એમણે ડૉક્ટરને બોલાવવાની સાફ ના પાડી. સુંદરાનંદે



રડતા હૃદયે એ સૂચનાનો અમલ કર્યો. એમણે કૃષ્ણાશ્રમના શરીરને સાફ કર્યું.

એ કામ ખૂબ જ વ્યથાજનક-પીડાકારક હતું તો પણ એ મહાત્મા પુરુષ દેહભાવથી પર થયેલા હોવાથી એ દરમ્યાન એકદમ શાંત રહ્યા. આંખો બંધ રાખીને એ સમાધિદશામાં લીન બની ગયા. દેહભાવથી પર થઈને દેહની અસરોથી ઉપરવટ જઈ આત્મભાવમાં આસીન થવાનો એ પ્રસંગ યાદ કરીને સ્વામી સુંદરાનંદજી આજે પણ ગદ્ગદ્ બની જાય છે.

હિમાલયની ભૂમિમાં છેલ્લાં પચાસ વરસોનાં ગાળામાં ત્રણ ખ્યાતનામ મહાપુરુષો થઈ ગયા. એક તો ઋષિકેશના સુપ્રસિદ્ધ સ્વામી શિવાનંદજી, બીજા ઉત્તરકાશીના સ્વામી તપોવનજી ને ત્રીજા ગંગોત્રીના મહાત્મા કૃષ્ણાશ્રમજી.

ત્રણે દક્ષિણ ભારતમાં જન્મેલા અને આત્મોન્નતિ માટે હિમાલયમાં આવેલા. એમાંથી કૃષ્ણાશ્રમજી એકદમ વિલક્ષણ નીકળ્યા. એમનું મન ગંગોત્રીના ઠંડા પ્રદેશમાં લાગી ગયું અને એ ત્યાં રહીને યોગની સાધના કરવા માંડ્યા. પહેલાં એ દંડી સંન્યાસી હતા. પરંતુ પાછળથી દંડ તથા વસ્ત્રોનો ત્યાગ કરીને દિગંબરરૂપે રહેવા માંડ્યા.

ઠંડા પવનની લહરી જ્યાં ચામડીને ચીરી નાંખે છે ને જ્યાં સામાન્ય માણસને માટે લાંબું રહેવાનું મુશ્કેલ છે, એવા ગંગોત્રીના તપઃપુત પ્રદેશમાં શરીરની બાહ્ય ક્રાંતિ કરીને અને એમાં સર્વસ્વ માનીને એ બેસી ન રહ્યા, પણ મનને અંદરની અગત્યની ક્રાંતિને સુધારવાની પણ શરૂ કરી મૌન ધારણ કરીને

સાધનામાં લાગી ગયા 'નર કરણી કરે તો નરકા નારાયણ હોય' એ ઉક્તિ અનુસાર તે નરમાંથી નારાયણ બનવા તલપાપડ થયા. દૃઢ સંકલ્પ, ઉત્સાહ, ત્યાગ તથા નિરંતર પુરુષાર્થના પરિણામે થોડા વખતમાં તો એમને ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ થઈ. એમને શાંતિ મળી.

પંડિત મદનમોહન માલવીયાજી એમને ઘણો આગ્રહ કરી બનારસ હિંદુ વિશ્વાવિદ્યાલયમાં વરસો પહેલાં લઈ આવેલા, એથી બહારની દુનિયાને એમની મોટા પ્રમાણમાં જાણ થઈ.

મોદીનગરવાળા ગુજરલાલ મોદી એમને ચારેક વરસ પહેલાં મોદીનગરમાં મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે લાવેલા. કૃષ્ણાશ્રમજી કહે છે, 'મોદી યહાં આકે અનશન કરનેકો તૈયાર હુઆ થા ઇસલિયે મૈંને ઉનકે સાથ જાનેકી બાત માન લી.'

શિયાળામાં એ ઉત્તરકાશીમાં અથવા ગંગોત્રીની બાજુમાં ધરાલી પાસે આવીને વાસ કરે છે.

કૃષ્ણાશ્રમજી વરસો સુધી ગંગોત્રીમાં એકલા જ રહ્યા, પરંતુ એક દિવસ એમની પાસે એક સ્ત્રી આવી પહોંચી એના રૂપમાં એમનું શેષ રહેલું પ્રારબ્ધ આવ્યું અથવા ઈશ્વરઇચ્છા આવી એમ કહીએ તો ચાલે. એ સ્ત્રી ગંગોત્રીની બાજુના ગામની એક પરણેલી સ્ત્રી હતી. ઘરમાં ક્લેશ હોવાથી એ ગંગામાં પડવા નીકળી પડેલી. પરંતુ ભાગ્ય તેને ગંગોત્રી ખેંચી લાવ્યું.

એણે કૃષ્ણાશ્રમજીને આશ્રય આપવાની પ્રાર્થના કરી. મહાત્મા પુરુષે કરુણાથી પ્રેરાઈને એને પોતાની પાસે રહેવાની રજા આપી અને બાજુમાં એક જુદી કુટિર કરી આપી.



ત્યારથી એ સ્ત્રી એમની સેવામાં રહે છે. એનું નામ એમણે ભગવતસ્વરૂપ પાડ્યું છે. ભગવતસ્વરૂપ ભારે વિવેકી ને સેવાભાવી છે. એને સંસ્કૃતનું સારું જ્ઞાન થયું છે. દર્શનાર્થીઓને આવકારવાનું કામ એ જ કરે છે. ભગવાં વસ્ત્રધારી એ ભગવતસ્વરૂપનો વિકાસ થયો છે.

કૃષ્ણાશ્રમજી અગ્નિને ઉધઈ ન લાગે તેમ એના એ જ રહ્યા છે. કેટલાંક સંકુચિત ને દ્વેષી સાધુઓએ એ ઘટના પછી એમની વિરુદ્ધ પ્રચાર કરવાનું અને એમની નિંદા કરવાનું ચાલુ કર્યું પણ એમના પર એની ખરાબ અસર ન થઈ. એ તો પોતાને ત્યાં આવતા સાધુઓનો સત્કાર તથા સાધુઓની સેવા કરતા જ રહ્યા.

કૃષ્ણાશ્રમજી આટલા મહાન હોવા છતાંય એમનો કોઈ મઠ નથી, તથા એમની સાથે નાનું કે મોટું સિદ્ધ મંડળ નથી. ભારતની પ્રાચીન પરંપરાના પ્રતિનિધિ જેવા એ સમર્થ સંત શિશુ જેવી શુચિતા અને સરળતાથી જીવી રહ્યા છે. પ્રાચીન પરંપરાના અથવા જૂની પેઢીના મહાન સંતો એક પછી એક વિદાય થતા જ જાય છે. દેહાધ્યાસ અથવા દેહબંધનથી મુક્તિ મેળવીને આત્માની અનેરી દુનિયામાં શ્વાસ લેતા કૃષ્ણાશ્રમજી આપણી વચ્ચે છે ત્યાં સુધી એમના દર્શનનો લાભ લઈશું તો એ આપણે માટે આશીર્વાદરૂપ થશે. કૃષ્ણાશ્રમજી ભારતની વિરલ અસાધારણ સંતવિભૂતિઓમાંની એક છે. હિમાલયમાં મહાન સંતપુરુષોને મળવા માગનારા પ્રવાસીઓએ એમનું દર્શન અવશ્ય કરવા જેવું છે.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ ભાથીખત્રી મહારાજ ॥

આજના પ્રખર બુદ્ધિવાદમાં માનનારા, ડગલે ને પગલે આગળ વધતા, વિજ્ઞાનયુગમાં કેટલીક વ્યક્તિઓ એવી મળે છે અને કેટલીક ઘટનાઓ એવી બને છે જે આપણને આશ્ચર્યચકિત કરી દે છે અને વિચારમાં ગરકાવ બનાવે છે. સામાન્ય બુદ્ધિ દ્વારા એમના રહસ્યનો ઉકેલ એટલી સહેલાઈથી નથી કરી શકાતો. તોપણ એ હોય છે એકદમ વાસ્તવિક, પ્રામાણિક અને પ્રમાણભૂત. આલમની અનેક અજાયબીઓમાં એમનો પણ સમાવેશ કરવો હોય તો સહેલાઈથી વિનાસંકોચ કરી શકાય છે. એવી વ્યક્તિઓને વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ મળી નથી હોતી, અને એવી પ્રસિદ્ધિની એમની આકાંક્ષાયે નથી હોતી. એ એમના કર્તવ્યને મૂક રીતે પરમ નિષ્ઠાપૂર્વક કર્યે જાય છે. એ કર્તવ્ય આંશિક હોવા છતાં ખૂબ જ કલ્યાણકારક હોય છે. એ કર્તવ્ય દ્વારા એમને ધનની, વૈભવની, પ્રતિષ્ઠાની, માનપાનની, સાંસારિક સુખોપભોગની, કશાની લાલસા નથી હોતી. એથી એમને ઊંડો આત્મસંતોષ મળે છે. એની પાછળ એમનો યજ્ઞભાવ હોય છે. એથી પ્રેરાઈને એ આજીવન કર્તવ્યાનુષ્ઠાન કરતા જ રહે છે. એમનું કાર્ય કેટલું બધું આશીર્વાદરૂપ હોય છે તે જોવા જેવું છે.

એક નાનાસરખા ગામની કલ્પના કરો. એ ગામમાં રહેતા એક યુવાનને-તાજેતરમાં જ પરણેલા યુવાનને, ખેતરમાં કામ કરતાં અચાનક સાપ કરડ્યો છે. એના સ્વજનોના શોકનો પાર નથી. એનાં માતાપિતા અને એની ધર્મપત્ની કાળજું કપાઈ જાય એવું કલ્પાંત કરે છે. આખુંય વાતાવરણ અતિશય કરુણ બની



જાય છે. એકાએક ભાથીખત્રી મહારાજની સ્મૃતિ થાય છે. સુદૃઢ, સ્વસ્થ શરીરવાળા એ યુવાનને ભાથીખત્રી મહારાજના સુપ્રસિદ્ધ સ્થળમાં લઈ જવામાં આવે છે. એ સ્થળમાં ભાથીખત્રી મહારાજના પરમકૃપાપાત્ર પૂજારી કે ભુવા મોતીભાઈ મળે છે. મોતીભાઈ સાપ ઉતારવાનું કલ્યાણકાર્ય કરી રહ્યા છે. એ કાર્યમાં સિદ્ધહસ્ત મનાય છે. એ કાર્યને સફળતાપૂર્વક કરતા આવ્યા છે. એ ભાથીખત્રી મહારાજનું સ્મરણ કરીને, શુદ્ધ બનીને તરત જ બહાર આવે છે. એમની ઉપર ભાથીખત્રી મહારાજનો અસાધારણ અમોઘ અનુગ્રહ છે. એ અનુગ્રહથી પ્રેરાઈને એમનો આદેશ મેળવીને એ કરુણાથી ભરાઈને પરમ શ્રદ્ધાભક્તિપૂર્વક આગળ આવે છે. અને સર્પદંશનો ભોગ બનેલા યુવાનના શરીરે હાથ ફેરવીને કહે છે કે હવે સારું થઈ ગયું. સાપ ઉતરી ગયો. એજ ક્ષણે સાપ ઉતરી જાય છે. અચેત જેવી અવસ્થામાં પડેલો યુવાન તરત જ બેઠો થઈ જાય છે. શાંતિપૂર્વક, નવજીવન પામીને. જાણે કશુંય ના બન્યું હોય એમ ચાલવા માંડે છે. ત્યાં એકઠા મળેલા સઘળા ભાથીખત્રી મહારાજનો જયજયકાર કરે છે. યુવાનનાં માતાપિતા, સ્વજનો ને એની પત્ની પ્રસન્નતા અનુભવે છે. મોતીભાઈના ઉપકારના બદલામાં એ શું આપે? પ્રિયજનનું જીવનદાન કરનારને જે પણ આપવામાં આવે એ ઓછું છે. પરંતુ પોતાની સેવાના બદલામાં કશુંપણ ના લેવાનો મોતીભાઈનો નિયમ છે. એ નિયમનું પાલન એ ખૂબ જ કડકાઈથી કરી રહ્યા છે. એટલે સૌ લાચાર છે. કૃતજ્ઞતાસહિત ભાથીખત્રી મહારાજને પગે લાગીને સૌ પોતપોતાને ઘેર પાછાં વળે છે.

એવા પ્રસંગો તો અનેકવિધ બન્યા કરે છે. મોતીભાઈની

પાસે એમના ગામ ધોળકા તાલુકાના સરોડાના અને એની આજુબાજુના કેટલાય લોકો સાપને ઉતરાવવા માટે આવે છે અને સાપને ઉતરાવીને શાંતિ સાથે પાછા ફરે છે. ભાથીખત્રી મહારાજની કૃપાથી મોતીભાઈ અનેકના જીવ બચાવે છે. એમની કશી ફી નથી. એ કશી દક્ષિણા કે ભેટ લેતા નથી. એ કાર્ય એમની આજીવિકા માટે નથી. કર્તવ્યભાવનાની પૂર્તિ માટે છે.એ ખૂબ જ નમ્રતાપૂર્વક સરળ શબ્દોમાં જણાવે છે : "આ કામ હું ક્યાં કરું છું ? મારામાં એ કરવાની શક્તિ જ ક્યાં છે ? આ કામ તો મહારાજનું છે. એજ કરે છે કે કરાવે છે. એનો બધોજ યશ એમને ઘટે છે. એમની જ શક્તિ સઘળું કરી રહી છે. એટલે મારે એ નિમિત્તે કાંઈપણ લેવાનું ન હોય. લેવાનો વિચાર પણ ના કરવાનો હોય."

કેટલી બધી સરસ ભાવના ! મોતીભાઈને પોતાના કાર્યનો સહેજ પણ અહંકાર નથી થતો. એ સીધા સાદા સરળ અને નિખાલસ છે. એમની અંદર દંભનું નામ નથી. દર વરસે કારતક સુદ એકમે ભાથીખત્રી મહારાજના સ્થાનમાં મેળો ભરાય છે, ઉત્સવ યોજાય છે, ભજન કીર્તન ચાલે છે ને માણસોએ પોતપોતાની બાધાને અનુસરીને કે બીજી રીતે જે વસ્તુઓ આપી હોય છે તે સૌને પ્રસાદરૂપે વહેંચવામાં આવે છે. બાકીના દિવસોમાં પણ મહારાજના મંદિરમાં જે કાંઈ મૂકવામાં આવે છે એનો હિસાબ રહે છે અને એ એવી રીતે જ વાપરવામાં આવે છે. મોતીભાઈ એનો અંગત ઉપયોગ અથવા ઉપભોગ નથી કરતા. શહેરોમાં સાપ કરડે તો માણસને હૉસ્પિટલમાં લઈ જવાય, ઈન્જેકશનો આપવામાં આવે, અને કેટલોય ખર્ચ થાય, પરંતુ મોતીભાઈને ત્યાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સૌનો



નિઃસ્વાર્થ રીતે ઉપચાર થાય છે અને બદલામાં કશું જ નથી લેવાતું. એ કેટલી મોટી, માન ઉપજાવે તેવી વાત છે ? એમની એ પ્રવૃત્તિ કેટલી બધી આશીર્વાદરૂપ છે ? એની કલ્પના સહેલાઈથી કરી શકાય તેમ છે. આજના અર્થપ્રધાન યુગની એ એક અજાયબી છે.

●

મોતીભાઈનું પૂર્વજીવન કેવું હતું, અને એ ભાથીખત્રી મહારાજના પરમકૃપા પાત્ર કેવી રીતે બની શક્યા, એની ઓછીવત્તી માહિતી મેળવવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. પૂર્વજીવનમાં એમની અંદર કોઈ વિશેષતા અથવા અસાધારણતા નહોતી દેખાતી. પાટીદાર ખેતીપ્રધાન ઘરમાં જન્મીને એમણે કશી અસામાન્યતા નહોતી દાખવી. એમના જમાપાસે એમને ત્યાં પરાપૂર્વથી ચાલ્યું આવતું એમની કુળદેવી માતા સિકોતરનું સ્થાન હતું. એમની માતા દયાળુ, પરગજુ અને શ્રદ્ધા ભક્તિસંપન્ન હતાં. એ સિકોતર માતાની નિયમિત રીતે સેવા કરતા. ઘર આર્થિક રીતે દુઃખી હતું. ઉછળતી યુવાનીમાં મોતીભાઈ ખોટા માર્ગે વળી ગયેલા. એને લીધે કેટલાંક કુકર્મો પણ કરી બેઠેલા. ગામમાં એમની સારી પ્રતિષ્ઠા નહોતી રહી. ભાથીખત્રી મહારાજ પ્રત્યે પણ એમને લેશ પણ શ્રદ્ધાભક્તિ ન હતી. એમના સ્થાનમાં જવા માટે પણ એ નહોતા ટેવાયેલા. પરંતુ જીવનની જડતા ક્યારે કેવી રીતે ટળે છે ને જીવનનો પ્રવાહ ક્યારે ક્યાં પલટાય છે તેની કલ્પના પણ કોણ કરી શકે છે ? કેટલીક વાર તો એ પરિવર્તન આકસ્મિક રીતે જ થતું હોય છે. પૂર્વના કોઈક સંસ્કાર-સંબંધો એમાં ભાગ ભજવે છે ખરા, પરંતુ ક્યા સંસ્કાર-સંબંધો ક્યારે, ક્યાંક કેવી રીતે, કેટલા

પ્રમાણમાં, ભાગ ભજવે છે તે નથી કળાતું. એનું તો ઉપરછલ્લું અનુમાન જ કરવું રહે છે. મોતીભાઈના અદષ્ટ શુભ સંસ્કારની જાગૃતિનો અવસર આવી પહોંચ્યો એટલે એમનો જીવનપ્રવાહ એકાએક અને શુભ દિશામાં પલટાયો.

વાત એમ બની કે ભાથીખત્રી મહારાજના સાપ ઉતારનારા પહેલાંના ભુવા કોયા પટેલનો સ્વર્ગવાસ થયો એટલે ભુવા તરીકે કામ કરીને કોણ સાપ ઉતારે એ પ્રશ્ન પેદા થયો. મહારાજના ભક્તોએ નક્કી કર્યું કે આ ઉત્તમ સ્વાર્થરહિત પરમહિતકારક લોકોપયોગી સેવાકર્મને ચાલુ તો રાખવું જ. કોયા પટેલે એકાદ બે યુવાનોને સાપ ઉતારતાં શીખવેલું ખરું. પરંતુ તે એ પ્રવૃત્તિમાં પારંગત નહોતા બન્યા. મહારાજની મરજી જુદી જ હતી. એ પ્રમાણે એમના સ્થાનમાં કુતૂહલભાવથી ભરાઈને આવેલા મોતીભાઈના શરીરમાં પ્રવેશ કર્યો અને બીજી રીતે ચમત્કાર બતાવીને એમને પોતાના પરમકૃપાપાત્ર તથા ભુવા તરીકે જાહેર કર્યા. ભક્તોએ પોતાની પ્રતીતિ માટે પૂછેલા પ્રશ્નોના પ્રત્યુત્તરો પામીને સૌને સંતોષ થયો. સૌએ મોતીભાઈને મહારાજની મરજી મુજબ સ્વીકારી લીધા. ગામલોકોને એની માહિતી મળી ત્યારે એમના આશ્ચર્યનો અંત રહ્યો નહીં. એ મોતીભાઈના જીવનને જાણતા હતા.

એનો અર્થ એવો થોડો છે કે એ જીવન બદલાય જ નહીં ? કર્મના નિયમો કોના જીવનમાં ક્યારે કામ કરે છે એ વિશે કશું જ નથી કહી શકાતું. વળી ઈશ્વરની ઇચ્છાશક્તિ સર્વોપરી છે. એને માટે કશું જ આશ્ચર્યકારક નથી. એ રંકને રાય કરે છે અને રાયને રંક. નિરક્ષરને સાક્ષર બનાવે છે ને સાક્ષરને નિરક્ષર. જળને ઠેકાણે સ્થળ, સ્થળને ઠેકાણે જળ. એની લીલા અપાર છે.



ગહન છે. અસાધારણ છે. મોતીભાઈનો જીવનપ્રવાહ એ પ્રસંગ પછી પલટાઈ ગયો. એમનાં સઘળાં વ્યસનો છૂટી ગયાં. કુકર્મો મટી ગયાં. એ સારા ને સાચા માનવ બનવા લાગ્યા. મહારાજે એમની બુદ્ધિ, વૃત્તિ, કૃતિ કે પ્રવૃત્તિ પલટાવી દીધી. જેને એમણે અપનાવ્યો એને એ અશુદ્ધ કેવી રીતે રહેવા દે ? કુમાર્ગગામી કેમ બનાવે ? એથી તો એ જ લાજે. એને તો એ સુંદરમાં સુંદર, સર્વોત્તમ બનાવવા માંડે. ગામ આખું કહેવા લાગ્યું કે મોતીભાઈ બદલાઈ ગયા. મોતી જેવા મૂલ્યવાન ને સાચા થવા માંડ્યા.

●

આજે મોતીભાઈ આદર્શ માનવ અથવા આરાધક તરીકે જીવવાની કોશિશ કરે છે. નમ્ર, સરળ, નિષ્કપટ છે. એમને પૂછવામાં આવે છે, 'તમે સાપને કેવી રીતે ઉતારો છો ? કોયાજી તો ઢોલ વગડાવતા, લોકો પાસે પોકારો પડાવતા, સાપના ડંખને ચૂસતા. તમારે એવું કરવું પડે છે ?'

એ ઉત્તર આપે છે, 'મહારાજની કૃપાથી મારે એવું કશું જ નથી કરવું પડતું. મહારાજની રજા લઈને જેને સાપ કરડ્યો હોય છે તેના શરીર પર મહારાજનું નામ લેતાં હાથ ફેરવું છું એટલે થોડી જ વારમાં સાપ ઉતરી જાય છે ને માણસ સાજો થઈ જાય છે.'

'એ તો એકદમ અસાધારણ કહેવાય.'

'જે છે તે મહારાજની કૃપા છે. એમની શક્તિનું જ પરિણામ છે.'

'કોયાજી સાપ ઉતારતા ત્યારે કેટલીક વાર માણસને માધ્યમ બનાવીને સાપ બોલતો પણ ખરો. એકવાર એણે જણાવેલું કે મારા આ મોટા છોકરાને હું મારી મરજીથી કરડ્યો છું. મારા

મૃત્યુ પછી હું સાપ થઈને ઘરમાં રહું છું. આ મોટો છોકરો નાના છોકરો સાથે સારો વ્યવહાર નથી રાખતો. એ મારી બધી મિલ્કત પચાવીને બેસી ગયો છે. એના વતી જો બે માણસો નાના છોકરાને મિલ્કતનો સરખો ભાગ આપવાની બાંયધરી આપે તો હું અત્યારે જ ઉતરી જઉં. ત્યાં સુધી નહીં ઉતરું. છેવટે મોટા છોકરા તરફથી બે સંબંધીઓએ મિલ્કતના સરખા ભાગ કરાવવાની બાંયધરી આપી ત્યારે સાપ ઉતર્યો અને અચેતાવસ્થામાં પડેલો મોટો છોકરો સાજો થઈને બેઠો થયો. તમે સાપ ઉતારો છો ત્યારે એવું બને છે ખરું ?'

'બને છે. કોઈવાર આવશ્યકતા હોય તો સાપ પોતાના કરડવાનું કારણ બોલી બતાવે છે.'

'કોઈવાર ભેંસને જીવડાં પડ્યા હોય ને વહેલી સવારે કોયાજી પાસે જઈએ તો એ કહેતા કે મહારાજ મટાડી દેશે. એની સામું જોશો નહીં. કૂતરાંને અમુક લોટના રોટલા નાંખી દેજો. એ પ્રમાણે રોટલા નાંખવામાં આવતા ને ભેંસ તરત જ સારી થતી.'

'અત્યારે પણ એવું થાય છે. સાપ સિવાય બીજું કશુંક કરડ્યું હોય તો પણ મહારાજ કહી આપે છે. માણસની જુદી જુદી ભાવનાઓ પૂરી થાય છે. પોતાના દ્વારે, મંદિરની પાસે આવેલા કોઈને મહારાજ નિરાશ નથી કરતા. દૂર રહીને એમને યાદ કરનારને પણ એ મદદ કરે છે.'

●

કોઈને પોતાના મકાનની સમસ્યા સતાવી રહેલી. એણે મોતીભાઈને વાત કરી તો એમણે એકાદ મિનિટ આંખ મીંચીને તરત જ જણાવ્યું : 'ઘરની ચિંતા ના કરશો. એની વ્યવસ્થા થઈ



જશે. મહારાજ બધું સારું કરશે.'

ઘરની સમસ્યા ત્રણચાર દિવસમાં જ ઉકલી ગઈ.

●

મોતીભાઈ કોઈવાર મળે છે ત્યારે મહારાજની કૃપાને યાદ કરીને ગદ્‌ગદ્ બની જાય છે. એમની આર્થિક સ્થિતિ સારી નથી. આજીવિકા માટે થોડીક જમીન છે તે જ. ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ ઘણી મોટી છે છતાં સ્વસ્થ ને શાંત રહે છે. છેલ્લે છેલ્લે મને મળવા આવ્યા ત્યારે ભાવથી ભરાઈને કહેવા લાગ્યા : ''વખત ઘણો જ બારીક છે તો પણ મહારાજ બધું ચલાવે છે. જેમતેમ કરીને ચલાવે છે ને લાજ રાખે છે. હવે તો ફક્ત આત્મકલ્યાણ જ કરી લેવું છે. બીજી કોઈ જ લાલસા નથી. માનવદેહ દુર્લભ છે. એ ફરીફરી ક્યારે મળવાનો છે ?''

એમના શબ્દો સાંભળીને મને આનંદ થયો. મેં કહ્યું : ''તમારા પર મહારાજની કૃપા છે. માટે જ આવા શુભ વિચારો પેદા થાય છે. મહારાજે તમને અપનાવ્યા છે એટલે આત્મકલ્યાણના માર્ગે પણ એજ લઈ જશે. એમની શક્તિ અપાર છે.''

મોતીભાઈના મુખમંડળ પર સંતોષની છાયા ફરી વળી.

એક મકાનમાં એકાએક વીંછી નીકળ્યો. મકાનમાં રહેનારે ભાથીખત્રી મહારાજને યાદ કરીને એમના નામનો ઘીનો દીવો કર્યો તો વીંછી તરત જ અદશ્ય થઈ ગયો. પછીથી દેખાયો જ નહીં. દૂર રહીને પણ શ્રદ્ધાભક્તિથી સ્મરનારને મહારાજ એવી અનેક રીતે મદદ કરે છે તો મોતીભાઈ તો તદ્દન પાસે છે. એમને શા માટે મદદ ના કરે ?

—શ્રી યોગેશ્વરજી

# ॥ સંતરામ મહારાજ ॥

"સંતરામ મહારાજનું સ્વરૂપ કેવું હતું તેની ખબર છે ?"

"એમના સ્વરૂપ વિષે કશી ચોક્કસ માહિતી નથી મળતી. આછી-પાતળી કલ્પના જ કરવાની રહે છે. આ સ્થળમાં એ સૌથી પહેલાં સંવત્ ૧૮૭૨ના અરસામાં આવેલા ને વૃક્ષની નીચે વાસ કરતા. એમનું આગમન ક્યાંથી થયેલું એની ખબર કોઈને નહોતી. એ એકાએક આવી પહોંચેલા અને પેલા ખેતરમાં રહેલા. એ વખતે પણ આ સ્થળ વસ્તીથી દૂર હતું. એમની સ્મૃતિમાં આ દેરી તો પાછળથી થઈ છે."

"મારા પ્રશ્નનું પ્રયોજન જરાક જુદું છે. આ પુણ્ય પ્રદેશમાં પ્રવેશતાં વેંત મને એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષના વાસ્તવિક સ્વરૂપ વિશે જાણવાની ઇચ્છા થઈ. એ ઇચ્છાથી પ્રેરાઈને આ સ્થળમાં એમની જ્યોતની આગળ હું આંખ મીંચીને પ્રાર્થના કરવા ઊભો રહ્યો તો થોડા જ વખતમાં મને એમની અલૌકિક આકૃતિના દર્શનનો લાભ મળ્યો. પાતળું ઘઉંવર્ણું શરીર, એના પર સાધારણ ભસ્મ, મસ્તક પર જટા, નાની સરખી દાઢી, કમર પર વીંટાળેલો સ્વચ્છ સફેદ ટુકડો, મુખ પર પરમ શાંતિ તથા સંમોહક સ્મિત, એવું એમનું સ્વરૂપ હતું. એમનું વાસ્તવિક સ્વરૂપ એવું જ હોવું જોઈએ. એમના દૈવી દર્શનથી મને આનંદ થયો. એમણે મને જણાવ્યું કે એ ભગવાન દત્તના અવતાર હતા અને ગિરનારના પવિત્ર પ્રદેશમાંથી આ તરફ આવી પહોંચેલા."



"બરાબર છે. એમના શિષ્યો દ્વારા પ્રાચીન કાળથી ચાલતી આવતી પરંપરાગત કથા પ્રમાણે સંતરામ મહારાજનું સ્વરૂપ એવું જ હતું. એ દત્ત ભગવાનના અવતાર મનાતા અને ગિરનારમાંથી આવેલા એવું પણ કહેવાતું."

એ સ્પષ્ટીકરણથી મને આનંદ થયો. નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરના શ્રદ્ધાભક્તિભરપૂર સંનિષ્ઠ કાર્યકર્તા જયંતિભાઈની સાથે અમે એ સ્થળ સંતરામ મહારાજની દેરી જોવા ગયેલા અને એ પવિત્ર સ્થળમાં એમની સાથે વાર્તાલાપ થયેલો.

સંતરામ મહારાજે મારી જિજ્ઞાસાવૃત્તિના જવાબમાં જ મને કૃપા કરીને એમના મૂળ સ્વરૂપનું દર્શન કરાવ્યું અને એ રીતે સાંકેતિક રીતે સૂચવ્યું કે એમની અલૌકિક આત્મશક્તિ આજે પણ અબાધિત રીતે કાર્ય કરી રહી છે. એમણે વરસો પહેલાં સ્વેચ્છાથી સમાધિ લીધી છે એનો અર્થ એવો નથી કે પોતે પણ સમાધિસ્થ થઈ ગયા છે. શરણાગતો, ભક્તો, પ્રેમીજનો અને પ્રશંસકોને એક અથવા બીજી રીતે મદદ કરવા અને પોતાના અસાધારણ અનુગ્રહ દ્વારા કૃતાર્થ કરવા એ આજે પણ તૈયાર છે.

સંતરામ મહારાજના શરૂઆતના જીવનની વિલક્ષણ વાતો પણ ત્યાં સાંભળવા મળી. એ વાતો એમના અસાધારણ આત્મિક સામર્થ્યની પ્રતીતિ કરાવનારી અને અદ્ભુત હતી.

●

સંતરામ નડિયાદની પાસેના પીપલગ ગામની સીમમાં અવધૂતવેશે વિરાજતા ત્યારે એમને સ્નાન કરવાની ઇચ્છા

થવાથી એ બાજુના ખેતરના કૂવા પાસે જઈ પહોંચ્યા. એમણે સ્નાનક્રિયામાં સરળતા થાય એટલા માટે ખેડૂતને ડોલ તથા દોરડું મૂકી જવાની સૂચના કરી. ખેડૂતને એમનો સાધારણ જેવો વેશ જોઈને એમનો વિશ્વાસ થયો નહીં એટલે એ ડોલ તથા દોરડાને લઈને વિદાય થયો. સંતરામ મહારાજ કૂવાના થાળા પાસે બેસી ગયા. કૂવાનું પાણી આજ્ઞાંકિત સેવકની પેઠે ઉપર આવ્યું. એ મહાપુરુષે પોતાના પાત્ર દ્વારા એનાથી શાંતિપૂર્વક સ્નાન કરવા માંડ્યું, ખેડૂતે ફરીવાર કૂવામાંથી પાણી ભરવા આવતી વખતે એ અલૌકિક દૃશ્ય જોઈને સ્વાભાવિક રીતે જ આશ્ચર્ય અનુભવ્યું. એને એ મહાપુરુષની મહત્તાનો ખ્યાલ આવ્યો. એમને માટે સેવેલી શંકાને માટે અને એમની ઉપેક્ષાને માટે એને પશ્ચાતાપ થયો. એણે એમની માફી માગીને એમનું શરણ લઈને મનોમન એમનું શિષ્યત્વ સ્વીકાર્યું.

એ મહાપુરુષનો નિવાસ ખેતરમાં આવેલા રાયણ વૃક્ષની બખોલમાં હતો. એમાં એમને રાજપ્રાસાદ કે સ્વર્ગસુખ કરતાં પણ અધિક સુખનો આસ્વાદ મળતો. બાજુના ખેતરમાં અન્નના ઢગલા પડેલા. એ અન્ન કોથળામાં ભરાતું ને ગાડામાં નંખાતું. ખેડૂત અનાજને લઈને ઘેર જવાની તૈયારી કરવા લાગ્યો. એટલે એ મહાપુરુષે એને ઘેર જવાની ના પાડી, ખેડૂતે એમના આદેશનું અનુસરણ કર્યું. થોડી જ વારમાં આકાશમાં વાદળ ઘેરાયાં, ચપલાના ચમત્કાર તથા ગડગડાટ થયા, ને વરસાદ વરસવા માંડ્યો. જો ખેડૂત ઘર તરફ ચાલી નીકળ્યો હોત તો એનું અનાજ બગડત. મહાપુરુષે એની રક્ષા કરી. એમની અસાધારણતાનું એને ભાન થયું.



એકવાર એક ખેડૂત એમને ભિક્ષા કરાવવા માંડ્યો. એમણે એને દૂધ લાવવાની આજ્ઞા કરી. ખેડૂત વિચારમાં પડ્યો ને બોલ્યો, મહારાજ, દૂધ ક્યાંથી લાવું? મારી ભેંસ દૂધ નથી આપતી નહીં તો જેટલું માગત તેટલું દૂધ હાજર કરત. મહારાજે એને એમનું તુંબીપાત્ર આપીને દોહવા જણાવ્યું. ખેડૂતે એ તુંબીપાત્રને લઈને ભેંસને દોહવાનું શરૂ કર્યું તો એના આશ્ચર્ય વચ્ચે ભેંસના દૂધની ધારા નીકળવા લાગી. એ દૂધ એણે એ મહાપુરુષને અર્પણ કર્યું. એનું સાધારણ મન એ મહાપુરુષની અસાધારણ શક્તિને સમજી શક્યું નહીં. એણે એમને પૂજ્યભાવે પ્રેરાઈને પ્રણિપાત કર્યા.

વખતના વીતવાની સાથે સંતરામ મહારાજની અસાધારણ શક્તિની વાતો લોકોમાં ફેલાવા લાગી. લોકોમાં એમને માટે અતિશય આદરભાવ પેદા થયો. સૌના આગ્રહથી એમણે નડિયાદ નગરમાં પ્રવેશીને અત્યારે જ્યાં સુપ્રસિદ્ધ સંતરામ મંદિર છે ત્યાં વાસ કર્યો. જનતાને એમનો અધિક પ્રમાણમાં લાભ મળવા લાગ્યો. એમનું વ્યક્તિત્વ અત્યંત આકર્ષક હતું. હૃદય સરળ, શુદ્ધ અને પ્રેમાળ. એ અપરિગ્રહની મૂર્તિ હતા. આકાશવૃત્તિથી જે કાંઈ સહજ રીતે આવી મળે તે દ્વારા પોતાનો નિર્વાહ કરતા. દયા, પરોપકારવૃત્તિ, અભેદભાવ, અનન્ય ભક્તિભાવ, ત્યાગ, અક્રોધ અને શાંતિના મૂર્તિમંત સ્વરૂપ જેવા હતા. એમનું જીવન અનેકને માટે પ્રેરણાદાયક અને આશીર્વાદરૂપ થઈ પડ્યું. થોડાક વખતના વસવાટ પછી એમણે સ્થાનાંતર કરવાનો વિચાર કર્યો પરંતુ ભક્તોના અસાધારણ આગ્રહને લીધે ત્યાં જ રોકાઈ ગયા.

મહાપુરુષની મહાનતાને મહાપુરુષ સિવાય બીજું કોણ જાણે ? બીજાને તો એની કલ્પના પણ ના આવી શકે. ગુજરાતની પુણ્યભૂમિમાં એ વખતે એક બીજા લોકોત્તર મહાપુરુષ રહેતા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સહજાનંદ સ્વામી અથવા શ્રીજી મહારાજ. શ્રીજી મહારાજે વિક્રમ સંવત ૧૮૮૦ની આસપાસ નડિયાદ નગરમાં પદાર્પણ કરીને ત્યાં પોતાના સ્થાનના નિર્માણની આકાંક્ષાવાળા ભક્તોને જણાવ્યું કે આ નગર આપણે માટે નથી. આપણે હજુ આગળ, બીજા સ્થળમાં જવાનું છે. આપણે માટે બીજું સ્થળ નિર્માયેલું છે. આ નગર તો શ્રી સંતરામ મહારાજને માટે છે. એ એક લોકોત્તર લોકહિતૈષી મહાપુરુષ છે. ભવિષ્યમાં એમનો મહિમા ખૂબ જ વધી જશે, એમની કીર્તિ ચારેતરફ ફેલાઈ જશે, અને પ્રવૃત્તિ પાંગરશે.

એમની એ ભવિષ્યવાણી પાછળથી શબ્દશઃ સાચી પડી. એ પોતે ઈશ્વરેચ્છાથી પ્રેરાઈને એ પછી આગળ વધ્યા અને વડતાલમાં વસ્યા. ત્યાં સુંદર સ્થાનનિર્માણ થયું. એજ સ્થાનમાં વિરાજીને એમણે એમના સુપ્રસિદ્ધ ધર્મગ્રંથ 'શિક્ષાપત્રી'ની રચના કરી. ગુજરાતની પુણ્યભૂમિને પોતાના કાયમી નિવાસસ્થાન માટે પસંદ કરનારા એ બંને સમકાલીન સમાજહિતૈષી સત્પુરુષોએ સમાજના પછાતવર્ગની સુધારણા તથા સમુન્નતિનું કલ્યાણકારક કાર્ય કર્યું છે. શ્રીજી મહારાજે સૌરાષ્ટ્રમાં ને સંતરામ મહારાજે ચરોતરમાં અને એ દ્વારા સમસ્ત ગુજરાતમાં. સમાજના ઉજળા વર્ગને સુધારવાના કાર્ય કરતાં



પછાત તથા વ્યસની, વિપથગામી વર્ગને સુધારવાનું કે સુસંસ્કૃત બનાવવાનું કાર્ય વધારે વિકટ હોય છે. એને માટે અસાધારણ આત્મબળની આવશ્યકતા હોય છે. એ બંને સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય મહાવિભૂતિઓ એવા આત્મબળથી અલંકૃત હોવાથી એ કલ્યાણકાર્યમાં સફળ થઈ શકી. ગામડાના પછાત વર્ગ પ્રત્યે સંતરામ મહારાજને ઊંડી સહાનુભૂતિ હતી. એને લીધે ખેડૂતો, કારીગરો, મજૂરો, ધારાળા, બારૈયા ઠાકરો, વાઘરી તથા હરિજનો એમના પ્રત્યે આકર્ષાઈને એમના ભક્તો, શિષ્યો, અનુયાયીઓ અને પ્રશંસકો બનેલા.

પોતાના દર્શન, સદ્દુપદેશ અને બીજી રીતે જનતાજનાર્દનનું કલ્યાણ કરીને પરમયોગી સ્વનામધન્ય શ્રી સંતરામ મહારાજે જીવિત સમાધિ લેવાનો નિર્ણય કર્યો. એ નિર્ણય સાંભળીને ભક્તોને દુઃખ થાય એ સ્વાભાવિક હતું, પરંતુ એમનો નિર્ણય અફર હતો. સંવત ૧૮૮૭ના મહા સુદ પૂર્ણિમાના દિવસે સાંજે પાંચ વાગ્યે સમાધિની તૈયારી થઈ. એમના આદેશાનુસાર એક અપ્રગટ દીપક રાખવામાં આવ્યો. સૌના દેખતાં એ સમાધિમાં પ્રવેશ્યા. એમના મસ્તકમાંથી એકાએક પ્રાકટ્ય પામેલી દિવ્ય જ્યોતિના પ્રકાશથી પેલો અપ્રગટ દીપક સ્વતઃ પ્રગટી ઊઠ્યો. એ વખતે જનતા પર સાકરની વર્ષા થઈ. એ દિવસ મંગલ મહોત્સમય બની ગયો. સંતરામ મંદિરમાં દર વરસે એ દિવસે મોટો મેળો ભરાય છે અને મંદિરના મહારાજશ્રી તરફથી જનતા પર સાકરવર્ષા થાય છે. એ જ્યોતિ મંદિરનું મુખ્ય પૂજાપ્રતીક બનેલી છે. મંદિરમાં કોઈ મૂર્તિ કે તસ્વીર રાખવાનો રિવાજ

નથી. એને બદલે આત્મજ્યોતિની સ્મૃતિ કરાવતો અખંડ દીપક રાખવામાં આવે છે. ભક્તો તથા દર્શનાર્થીઓ એમાંથી પ્રેરણા અને પથપ્રદર્શન મેળવે છે. એ જ્યોતિની આગળ અનેક ભક્તો આત્મનિવેદન કરે છે, જપ, ધ્યાન તેમજ પ્રાર્થનાનો આધાર લે છે, અને એની બાધા રાખે છે. એ અખંડ જ્યોતિ કોઈને નિરાશ નથી કરતી. સૌના મનોરથ પૂરા કરે છે. સૌને સંતોષ અને શાંતિ આપે છે. અજ્ઞાનનાં અનેકવિધ આવરણોમાં અટવાતા આત્માઓને પ્રજ્ઞાના પવિત્ર પ્રદેશમાં પ્રવેશ પૂરો પાડે છે.

સંતરામ મંદિર તીર્થધામ બન્યું છે. સંતરામ મહારાજના શિષ્ય લક્ષ્મણદાસજી મહારાજ પણ પરમપ્રતાપી મહાપુરુષ હતા. એ પછીના મહંતોમાં મંદિરોને એની વર્તમાન જાહોજલાલી પર પહોંચાડનારા જાનકીદાસજી મહારાજ ખાસ ઉલ્લેખનીય છે. તે પંચાવન વરસ સુધી ગાદી પર રહેલા. અત્યારે શ્રી નારાયણદાસ મહારાજની અધ્યક્ષતામાં મંદિર લોકહિતની વિવિધ પ્રકારની પ્રવૃત્તિ દ્વારા ઉપયોગી સેવાકાર્ય કરી રહ્યું છે. નારાયણદાસજી મહારાજ પરમ ત્યાગી, તપસ્વી, પરમાત્માના કૃપાપાત્ર અને આધુનિક વિચારપ્રવાહથી પરિચિત હોવાથી સમસ્ત સેવાકાર્યનું સંચાલન સુચારુરૂપે કરી રહ્યા છે. એમનું અને એ સ્થાનનું દર્શન સૌને માટે પ્રેરણાપ્રદાયક થઈ પડશે. ગરીબ વિદ્યાર્થીઓને માટે નિવાસ તથા ભોજનપ્રબંધ, નેત્રચિકિત્સાલય, અન્નક્ષેત્ર, ધ્યાનાદિ માટેનું મૌનમંદિર, સત્સંગભવન, સમૂહલગ્નની વ્યવસ્થા, એવી એવી એની પ્રવૃત્તિઓ છે.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ સ્વામી પ્રેમરૂપાનંદ ॥

વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદે પરદેશથી પાછા ફરીને ભારતમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી ત્યારે એમનો સંકલ્પ સમાજના ચરણે સાધનાસંપન્ન શુદ્ધ સેવાભાવ ભરપૂર સંતપુરુષોનો ઉપહાર ધરવાનો અને એવી રીતે માનવસમાજને સામાજિક, નૈતિક, આધ્યાત્મિક રીતે મદદરૂપ બનવાનો હતો. એમનો એ સદ્ભાવનાસંપન્ન સંકલ્પ કેટલા પ્રમાણમાં સંતોષાયો છે, એ તો એમણે સ્થાપેલા રામકૃષ્ણ મિશનના આજ સુધીના કલ્યાણકાર્યને વિચારવાથી સહેજે સમજી શકાય છે. આજે પણ એની અંદર કેટલાક વિશિષ્ટ સંતપુરુષો જોવા મળે છે ત્યારે અંતર આનંદ અનુભવે છે.

એવા એક સંતપુરુષની ઓળખાણ આપું તો એ અસ્થાને નહીં કહેવાય. એમનું નામ સ્વામી પ્રેમરૂપાનંદ.

સુરતની યોગદા સંસ્થાએ એક વાર મારું પ્રવચન ગોઠવેલું. એ પ્રવચનના પ્રારંભ માટે મારે પ્રવચનસ્થળે જવાનું થયું ત્યારે એક કાષાય વસ્ત્રધારી સંતપુરુષને મેં પ્રવચનખંડની બહાર ઊભેલા જોયા. સંસ્થાના મંત્રીએ એમનો પરિચય કરાવતાં કહ્યું કે સ્વામીજી મૂળ બંગાળના અને રામકૃષ્ણ મિશનના છે તથા પૂરપીડિત પ્રજાને મદદરૂપ થવા માટે આ બાજુ આવી પહોંચ્યા છે. છેલ્લા કેટલાય વખતથી એ એમના બીજા સાથીદારો સાથે ઘરબાર વગરના ગ્રામજનોને માટે ઘર બંધાવવાના કાર્યમાં રસ લે છે. એમને લીધે ઘર વગરના અસંખ્ય લોકો ઘરમાં રહેતા

અને કામ કરતા થયા છે. એમનું સેવાકાર્ય અનેકને માટે આશીર્વાદરૂપ બન્યું છે. શહેરમાં આજે એ કોઈક કામ પ્રસંગે પધારેલા. એમને પ્રવચનની માહિતી મળી એટલે રોકાઈ ગયા છે.

સ્વામીજીની નમ્રતા, સરળતા અને ગુણગ્રાહકતાને જોઈને મને આનંદ થયો. મેં એમને અંદર આવવા અને મારી બાજુમાં બેસવાની સૂચના કરી.

'તમે તો ખૂબ જ સુંદર સેવાકાર્ય કરી રહ્યા છો.' મેં જણાવ્યું.

'ઠાકુરની ઈચ્છા તથા પ્રેરણા પ્રમાણે બધું થઈ રહ્યું છે. એજ બધું કરાવી રહ્યા છે. અમે તો નિમિત્ત છીએ.'

એમની વાણીમાં નમ્રતા ને નિષ્ઠા હતાં.

મેં કહ્યું : 'તમારી ભાવના ઘણી સારી છે. એજ પ્રેરક છે. પરંતુ જેને એ પ્રેરે છે ને નિમિત્ત બનાવે છે તે પણ ધન્ય છે.'

પ્રવચનનો ને બીજો કાર્યક્રમ પૂરો થયા પછી એમણે પોતાની પ્રસન્નતાને પ્રકટ કરતાં ઉદ્‌ગાર કાઢ્યા : 'તમારી વાણી સાંભળીને મને ખૂબ જ આનંદ થયો.'

'તમે ગુજરાતી સમજી શક્યા ?'

'સંપૂર્ણપણે તો ના સમજી શક્યો પરંતુ ઘણીખરી વાતો સમજી શક્યો. એ ઉપરાંત વાતાવરણને અનુભવી શક્યો. વાતાવરણ મને ખૂબ જ શાંતિકારક, આનંદદાયક અને અસરકારક લાગ્યું.'

●



એ પ્રસંગ પછી લગભગ બે વરસ પછી મારે કાનપુર જવાનું થયું. કાનપુરના કાર્યક્રમ દરમિયાન એક દિવસ મેં ત્યાંની રામકૃષ્ણ મિશનની સુપ્રસિદ્ધ સંસ્થાની મુલાકાત લીધી. રામકૃષ્ણ મિશનની સેવા સંસ્થાઓ પ્રત્યે પ્રેમભાવ હોવાથી એમની મુલાકાત લેવાના શુભાવસરને વધાવવામાં મને આનંદ આવે છે.

રામકૃષ્ણ મિશનની સંસ્થાનો વિસ્તાર ઘણો મોટો હતો. એમાં એક તરફ સામે જ રામકૃષ્ણદેવનું મંદિર હતું. અમે એમાં પ્રવેશ કર્યો. રામકૃષ્ણદેવની મૂર્તિ મધુમય, મંગલ અને આકર્ષક લાગી. એના દર્શનલાભથી સંતુષ્ટ બનીને અમે મંદિરની બહાર નીકળવા માંડ્યાં ત્યારે મંદિરના પ્રમુખ પ્રવેશદ્વાર પાસે એક સંન્યાસી મહારાજને ઊભેલા જોયા. એ અમને અનિમેષ નેત્રે નિહાળી રહેલા. મારી પાસે પહોંચીને એમણે પ્રેમપૂર્વક પૂછ્યું : 'મને ઓળખો છો ?'

એમની મુખાકૃતિ મને પરિચિત લાગી. એમને ક્યાંક જોયેલા, કિન્તુ ક્યાં જોયેલા એ નક્કી ના કરી શકાયું. મેં પૂર્વસ્મૃતિનાં પડળોને હઠાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એજ વખતે એમણે ભાવપૂર્ણ ભાષામાં જણાવ્યું : 'આપણે સુરતમાં મળેલા તે ખબર છે ? બે વરસ પહેલાં ત્યાં તમારું પ્રવચન હતું ત્યારે હું આવેલો.'

'યોગદા કેન્દ્રમાં ?'

'હા.'

એ પૂર્વપ્રસંગનું મને સ્મરણ થયું. એમની વાત બરાબર હતી. મને એમની સ્મરણશક્તિને માટે માન પેદા થયું.

'તમે તો ત્યાં પૂરપીડિત પ્રજાના રાહતકાર્ય માટે આવેલા.'

'હા. એ કાર્ય ઠાકુરની કૃપાથી સુચારૂરૂપે નિર્વિઘ્ને પૂરું થયું એટલે ત્યાં રહેવાની આવશ્યકતા ના રહી. મને બે વરસથી અહીં મૂકવામાં આવ્યો છે. અમને જ્યાં મૂકવામાં આવે છે ત્યાં અમારે ઠાકુરની ઈચ્છા સમજીને જવું અથવા રહેવું પડે છે. બધે એમનું જ કાર્ય કરવાનું હોય છે. મને ઓળખી શક્યા ?'

'ઓળખી શક્યો. સારી રીતે ઓળખી શક્યો. આટલા વખત પછી તમને મળીને મને ખૂબ જ આનંદ થાય છે.'

'મને પણ આનંદ થાય છે.'

એ મને અંદર, એમના ઑફિસ-ખંડમાં લઈ ગયા ને બોલ્યા : 'મારું નામ પ્રેમરૂપાનંદ.'

'તમે પ્રેમરૂપ જ છો.' મેં કહ્યું.

'તમારા સરખા સંતોની ને ઠાકુરની કૃપા છે. એ કૃપાથી પ્રેમરૂપ બની શકીશ. પ્રયત્ન કરું છું.'

જીવનને ઉજ્જવળ કરવું, પ્રકૃતિને પલટાવવી, એ કાંઈ જેવી તેવી વાત છે ? માનવ સાચા દિલથી પ્રયત્નશીલ બને તો એ ભગીરથ કાર્યને પૂરું કરી શકે. સ્વામી પ્રેમરૂપાનંદ એ દિશામાં સંતોષકારક રીતે આગળ વધેલા. એમણે મને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ બતાવી. હાઈસ્કૂલ, એક્ષરે ક્લીનીક,



દવાખાનું, મહિલામંડળનું સ્થળ, પુસ્તકાલય. એ બધાના અવલોકનથી મને આનંદ થયો.

'તમે ઘણું સરસ સેવાકાર્ય કરી રહ્યા છો.' મેં અભિપ્રાય આપ્યો.

'ઠાકુરની કૃપા છે.' એ ભારોભાર નમ્રતા અને નિખાલસતાપૂર્વક કહેવા લાગ્યા; 'એમની કૃપા સિવાય કશું ક્યાં થઈ શકે છે ? કશું કરવાનો વિચાર પણ આવી શકે છે ? એ જે કરે છે કે કરાવે છે તેજ થયા કરે છે. બધી એમની જ લીલા છે.'

'અહીંની હાઈસ્કૂલની કશી વિશેષતા છે ખરી ?'

'હા. હાઈસ્કૂલમાં શરીર, મન તથા ચારિત્ર્યના ઘડતર અને વિકાસ તરફ વિશેષ લક્ષ આપવામાં આવે છે. આધ્યાત્મિકતાની અભિરુચિને જગાવવામાં ને પોષવામાં આવે છે. અમારી આકાંક્ષા રાષ્ટ્રને રાષ્ટ્રપ્રેમી, સેવાભાવી, શુદ્ધ સદાચારી, શ્રેષ્ઠ યુવકોની ભેટ ધરવાની છે. આ હાઈસ્કૂલ આખા જિલ્લામાં અગ્રગણ્ય અને આદર્શ મનાય છે.'

●

બીજે દિવસે શારદામાતા મહિલા મંડળના આશ્રયે એમણે અતિશય આગ્રહપૂર્વક મારું પ્રવચન રાખ્યું. પ્રવચનની પરિસમાપ્તિ પછી આભારદર્શનની વિધિ વખતે એમણે જે કાંઈ કહ્યું તે એમના અંતરની ઉદારતા, ઉદાત્તતા અને અસાધારણતાને અનુરૂપ હતું : 'યોગેશ્વરજી મહારાજની વાણીને સાંભળતી વખતે ઠાકુરને સાંભળતા હોઈએ એવો અનુભવ થાય છે.

એમની પાસે બેસતી વખતે ઠાકુરની પાસે જ બેઠા હોઈએ એવી શાંતિ, પ્રેરણા ને પ્રસન્નતા સાંપડે છે. આ વખતે તો આપણે મોડા પડ્યા છીએ. એમની માહિતી આપણને ઘણી મોડી મળી. પરંતુ હવે પછી કાનપુર આવવાનું થાય ત્યારે એ આપણને અગાઉથી જણાવીને વધારે લાભ આપે એવું ઇચ્છીશું.'

મેં એમની વિદાય લીધી ત્યારે એમણે જણાવ્યું : 'બીજે વરસે વધારે લાભ આપજો. એ વખતે વિશાળ પાયા પર કાર્યક્રમ ગોઠવીશું.'

એ પ્રસંગને લગભગ અઢી વરસ થઈ ગયાં તો પણ હજુસુધી કાનપુર નથી જવાયું. ગયે વરસે શિયાળામાં પંડિત મુન્નાલાલ ભૂષણનો આગ્રહ હોવા છતાં ના જઈ શકાયું. તોપણ રામકૃષ્ણ મિશનના રત્ન જેવા સાચા સાધુપુરુષ સ્વામી પ્રેમરૂપાનંદની સ્મૃતિ હજુ તાજી જ છે. એ 'ઠાકુરપરાયણ' મહાત્માપુરુષની સ્મૃતિ કદાપી નહીં સૂકાય. સાધુની મહત્તા શેમાં છે? એની નમ્રતા, નિખાલસતા, સાધુતા અને ઈશ્વરપરાયણતામાં. એનામાં અધિક જ્ઞાન, યોગ, શક્તિ કે ભક્તિ નહીં હોય તો ચાલશે પરંતુ શુચિતા, સરળતા, સાત્ત્વિકતા, શાંતિ અને સેવામયતા તો જોઈશે જ. સાધુજીવનની સાચી સૌરભ એમાં જ સમાયેલી છે. એ દૃષ્ટિએ સ્વામી પ્રેમરૂપાનંદનું સ્થાન ખૂબ જ આગળ પડતું છે. એમને મારા પ્રેમપૂર્વક પ્રણામ છે !

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ સ્વામી રામતીર્થ ॥

છેલ્લાં સો જેટલાં વર્ષોની અંદર ભારતવર્ષે જે લોકોત્તર વિરાટ વિભૂતિઓનું દાન કર્યું, તેમાંના એક મહાપ્રતાપી મહાપુરુષ, બુદ્ધિની તીક્ષ્ણતામાં જે શંકરાચાર્યની બરોબરી કરી શકે, હૃદયની કરુણા કે કોમળતામાં ઈશુ સાથે બેસી શકે અને વિરક્તિમાં જે શુકદેવ દત્તાત્રેય કે અષ્ટાવક્રની સરખામણીમાં ઊભા રહી શકે તેવા ભારતના છેલ્લા સો વરસના સાંસ્કૃતિક અથવા આધ્યાત્મિક ઈતિહાસમાં જેમનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે, તે ભારતના બે સમકાલીન મહાપુરુષો, વિવેકાનંદ અને રામતીર્થ. બન્ને પોતપોતાની રીતે અસાધારણ પોતપોતાની વિશેષ પ્રતિભાથી સંપન્ન તેઓ એક વાર લાહોરમાં ભેગા થઈ ગયા.

એ વખતે સ્વામી વિવેકાનંદ અમેરિકા ને ઇગ્લંડમાં, ભારતીય ધર્મ ને તત્ત્વજ્ઞાનનો વિજયધ્વજ ફરકાવીને, ભારતમાં તાજા જ પાછા ફર્યા હતા. લોકો એમને માનપત્ર આપતા'તા, અને સંસ્થાઓ એમનું સ્વાગત કરતી'તી. લાહોરમાં પણ એમનું પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું. લોકોની મેદની એ વેદાંતકેસરીની વાણી સાંભળવા ભેગી થઈ હતી. રામતીર્થ પણ એ સંમેલનમાં સામેલ થયા હતા. એ વખતે એ સ્વામી રામતીર્થ ન હતા, પરંતુ તીર્થરામ હતા. લાહોરની કોલેજના મૅથેમેટિકસના પ્રૉફેસર હોવા છતાં એ અવારનવાર હરદ્વાર ને ઋષિકેશની મુલાકાત લેતા, અને આત્મિક વિકાસ કર્યે જતા.

વિવેકાનંદની વાણી સાંભળીને એ આનંદ પામ્યા. ઝવેરીએ

હીરાને ઓળખ્યો, પરંતુ રામતીર્થ પોતે પણ ક્યાં હીરા જેવા ન હતા ? વિવેકાનંદે એમના આત્માને ઓળખી લીધો. 'ઉચ્ચોચ્ચ આત્મા !' એમણે ઉદ્‌ગાર કાઢ્યો.

રામતીર્થે વિવેકાનંદને ઘડિયાળની ભેટ આપી. વિવેકાનંદે તે લેવાની ના પાડી. જેમ તેમ કરીને એમણે એમને સમજાવ્યા અને કહ્યું, 'તમારી પાસે ઘડિયાળ છે તે મારી પાસે જ છે ને ?' આપણા બંનેમાં ક્યાં કાંઈ ભેદ છે ? હું રાખું તેના કરતાં તમે જ સાચવો તે સારું છે.

તીર્થરામ માની ગયા. પરંતુ વિવેકાનંદના ત્યાગ, જ્ઞાન નિર્મળ ચારિત્ર્યની એમના પર ઘણી ભારે અસર થઈ. દેશ માટે કાંઈ કરી છૂટવાની, ને સૌથી પહેલાં તો એકાંતવાસનું સેવન કરવાની એમને ભાવના થઈ.

એ ભાવનાથી તીર્થરામે પ્રૉફેસરપદ છોડી દીધું. તીર્થરામમાંથી એ રામતીર્થ થયા. હિમાલયની વસિષ્ઠ ગુફા તથા ટિહરીના જંગલોમાં રહી આકરી તપશ્ચર્યા કરી એમણે શાંતિ મેળવી. તે પછી, પરમાનંદ ને પરમ શાંતિની મૂર્તિ બનીને, ભારતની બહાર પ્રયાણ કર્યું.

અમેરિકા એમની પાછળ ગાંડું બન્યું. ભગવાં વસ્ત્રધારી સ્વામી રામતીર્થને જોવા તથા સાંભળવા લોકોનાં ટોળેટોળાં આવવા માંડ્યાં. હરખઘેલા લોકો એમના અદ્‌ભુત વ્યક્તિત્વથી ચકિત થઈને, એમને ઈશુ ખ્રિસ્તની સાથે સરખાવવા માંડ્યા. વાહ રે, પ્રારબ્ધ ! રામતીર્થનો બધે વિજયડંકો વાગી ગયો.

અમેરિકાના એ વખતના પ્રમુખ કોણ હતા, તે જાણો છો ?



રૂઝવેલ્ટ. રૂઝવેલ્ટે એમની ખ્યાતિ સાંભળી, અને રામતીર્થ સાથે મુલાકાત ગોઠવી. એ મુલાકાતથી રૂઝવેલ્ટને ઘણો આનંદ થયો કેટલીય શંકાઓનું સમાધાન થઈ ગયું. ભારતમાં આવા મહાપુરુષો વસે છે એ જાણીને ભારત પ્રત્યે એમનું માન વધી ગયું.

'હું તમારી શી સેવા કરું ?' એમણે પૂછ્યું, 'તમે જે ફરમાવો તે સેવા કરવા તૈયાર છું.'

કોઈ સાધારણ પુરુષ હોત તો અમેરિકામાં એકાદ આશ્રમ બંધાવી લેત, અથવા તો ધન-ભંડારની માગણી કરત. પરંતુ રામતીર્થ એવી કાચી માટીના ન હતા. દેશનાં દુઃખો દૂર કરવાની લાગણીથી એમનું હૃદય ભરપૂર હતું. દેશ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈ તો એ પરદેશ ગયા હતા. એ તરત બોલ્યા.

'સેવા કરવાની સાચી ભાવના હોય, તો ભારત જેવા ગરીબ દેશના વિદ્યાર્થી અહીં મફત ભણી શકે તે માટે સ્કોલરશીપની વ્યવસ્થા કરો.'

પ્રમુખ રૂઝવેલ્ટે એ માટેની વ્યવસ્થા કરી. રામતીર્થ તથા ભારત માટેનું એમનું માન અનેકગણું વધી ગયું. રામતીર્થને એ અત્યંત પૂજ્યભાવથી જોવા લાગ્યા.

ઈતિહાસ જાણે છે કે ભારતની સ્વાતંત્ર્યલડતને સફળતા મળે એ માટે રૂઝવેલ્ટે પોતાની લાગવગ વાપરી હતી. ભારત પ્રત્યે એમને ભાવ હતો. એ ભાવનાં મૂળ સ્વામી રામતીર્થની મુલાકાત જેટલાં ઊંડાં હતાં.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ શ્રી ગુપ્તાજી ॥

સંસારના વિપરીત વિષમ વિરોધાભાસી વાયુમંડળમાં વસીને આધ્યાત્મિક જીવન જીવી શકાય અથવા આત્મોન્નતિના માર્ગે આગળ વધી શકાય ? હા. મોટા ભાગના માનવો માને છે કે સંસારના વાતાવરણને અને આધ્યાત્મિક જીવનને અથવા આત્મોન્નતિને જોઈએ તેવો મેળ નથી હોતો. એ બંનેની વચ્ચે વિરોધ છે. પરંતુ ખરેખર એવું નથી સમજવાનું. આધ્યાત્મિક જીવન જીવવાની અથવા આત્મોન્નતિના માર્ગે આગળ વધવાની ઉત્કટ ઇચ્છા હોય તો વસતીની વચ્ચે વસીને અથવા એકાંતમાં રહીને, બંને પ્રકારની પરિસ્થિતિમાં સાધના કરી શકાય છે ને જાગૃતિપૂર્વકના પવિત્ર જીવનનો આધાર લઈ શકાય છે. એ સત્યની સ્મૃતિ કરાવનારાં કેટલાંક પ્રાણવાન પાત્રોનો પરિચય આપણને આ સંસારમાં થઈ જાય છે ત્યારે આપણો વિશ્વાસ વધારે બળવાન બને છે અને અવનવી પ્રેરણા મળે છે.

આ લેખદ્વારા એવા એક પ્રાણવાન પાત્રનો પરિચય કરાવી રહ્યો છું. એ પરિચય પ્રેરક છે કે કેમ એ તો વાચકોએ જ નક્કી કરવાનું છે. એ પાત્ર અલીગઢના રીટાયર્ડ સિવીલ સરજન શ્રી ગુપ્તાજીનું છે. એમણે ઉત્તરપ્રદેશના ગોરખપુર, ફૈઝાબાદ જેવાં જુદાં જુદાં સ્થળોમાં સિવીલ સરજન તરીકે નોકરી કરીને નિવૃત્તિની વયમર્યાદાએ પહોંચ્યા પછી અલીગઢને એમનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું છે. વરસનો થોડોક સમય હિમાલયના સુપ્રસિદ્ધ પર્વતીય સ્થાન મસૂરીમાં પસાર કરીને બીજો મોટા ભાગનો સમય એ અલીગઢમાં વીતાવે છે. ચારેક વરસથી એ મને એમના અતિથિ થવા માટે આગ્રહપૂર્વકનું આમંત્રણ આપતા ને કહેતા કે અલીગઢમાં તમને ગમશે. ત્યાંની સત્સંગપ્રેમી જનતાને સત્સંગનો લાભ મળશે. ત્યાં મારા પૂજ્ય પિતાશ્રીની



સ્મૃતિમાં બંધાયેલું સુપ્રસિદ્ધ ટીકારામ મંદિર છે. એનું વાતાવરણ ખૂબ જ શાંત, એકાંત અને પવિત્ર છે. દર વરસે મને અલીગઢ જવાની અનુકૂળતા નહોતી રહેતી તો પણ એટલા જ પ્રેમ અને ઉત્સાહથી એ મને વરસોવરસ આમંત્રણ આપતા રહેતા. છેવટે એમની સુદીર્ઘ સમયની પ્રતીક્ષા ફળી અને ઈ.સ. ૧૯૭૪ના ઑક્ટોબરમાં અમે અલીગઢમાં પ્રવેશ કર્યો. ગુપ્તાજીની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

ગુપ્તાજીનું મકાન મંદિરની છેક જ પાસે, સુંદર, સ્વચ્છ, એકાંત અને વિશાળ હતું. એમાં એ એકલા જ રહેતા. એ જ કંપાઉન્ડમાં થોડેક દૂર એમના પુત્રનો બંગલો હતો. ગુપ્તાજીનાં ધર્મપત્ની ત્યાં જ રહેતાં.

મેં એમને પૂછ્યું : ''તમારાં શ્રીમતીજી તમારી સાથે નથી રહેતાં ?''

''ના. દિવસનો મોટો ભાગ એ મંદિરમાં ભગવાનની આરાધનામાં પસાર કરે છે ને રાતે પેલા મકાનમાં અલગ રહે છે. અમારી વચ્ચે પતિપત્નીનો શારીરિક સંબંધ નથી.''

''ક્યારથી ?''

''જ્યારથી સમજતાં થયાં ત્યારથી. વરસોથી. લગ્નજીવન છેવટે તો પવિત્રતામાં પ્રવેશીને પરમાત્મા તરફ વળવા માટે જ છે ને ?''

''તમારી પત્ની તમારી પાસે દિવસે પણ નથી આવતી ?''

''ના. એ એના કામકાજમાં ને ભક્તિભાવમાં મશગૂલ રહે છે. એની પાસે સમય જ નથી હોતો. હું પણ મારા કામકાજમાં મગ્ન હોઉં છું. અમારે એકમેકનું એવું કામ પણ નથી હોતું.''

મને થયું કે માનવ જો ધારે તો વ્યવહારની વચ્ચે વસીને પણ સંયમી જીવન જીવી શકે છે.

"તમારી ઉંમર કેટલી થઈ ?"

"૮૫ વરસની."

"ઉંમરના પ્રમાણમાં શરીર ઘણું સારું છે."

"ઈશ્વરની કૃપા છે."

●

ઈશ્વરની કૃપા તો એમની ઉપર હતી જ-એટલે તો એમની અંદર સદ્‌બુદ્ધિ અને સંસ્કારિતા હતાં, પરંતુ એમની જીવનચર્યા પણ એને અનુકૂળ હતી. એનું અવલોકન કરવાનો અવસર મળવાથી મને આનંદ થયો. એ રોજ રાતે સાડા નવે લગભગ સુઈ જતા ને અઢી વાગ્યાની આસપાસ ઊઠીને સવારે પાંચ વાગ્યા સુધી ધ્યાનમાં બેસતા. મકાનના એક ખંડને એમણે ધ્યાન તથા પુસ્તકાલયના અલગ ખંડ તરીકે તૈયાર કરેલો. એ ખંડમાં સિદ્ધસનાતન મહાપુરુષ બાબાજી શ્રી શ્યામાચરણ લાહિરી મહાશય, યુકતેશ્વર મહારાજ, મહાત્મા યોગાનંદજીના અને અન્ય પ્રાતઃસ્મરણીય મહાત્મા પુરુષોના ફોટાઓ હતા. એનું વાતાવરણ પવિત્ર ને પ્રેરક હતું.

પ્રભાતે પાંચ પછી એ રોજ પગે ચાલીને ફરવા જતા. છ વાગ્યા પછી થોડાંક યોગાસનો કરતા. એ પછી સ્નાનાદિથી પરવારીને નાસ્તો કરતા. તેમને ચા પીવાની ટેવ નહોતી. વરસોથી એમણે એ ટેવને છોડી દીધેલી. તેમણે રાત્રીભોજનનો પણ ત્યાગ કરેલો. દિવસ દરમિયાન સેવાની વિવિધ પ્રવૃત્તિઓમાં રત રહીને સાંજનો થોડોક વખત તે વળી પાછા ધ્યાનમાં ને પ્રાર્થનામાં પસાર કરતા.

એક દિવસ એમણે મને જણાવ્યું : "વરસોથી ધ્યાન કરું છું અને નિયમિત રીતે કરું છું તો પણ હજુ નિર્વિકલ્પ સમાધિ નથી થતી."

"સાધનાને ચાલુ રાખજો. ઈશ્વર તમારી ભાવના પૂરી કરશે."



"જીવનમાં એના સિવાયની બીજી કોઈ જ ઇચ્છા નથી રહી. શરીર શાંત થાય તે પહેલાં એ ઇચ્છાની પૂર્તિ થાય તો સારું."

એમની આંખ ભીની થઈ.

એમની ભાવના અદ્‌ભુત અને અસાધારણ હતી.

ગુપ્તાજીનું જીવન સાધના, શુદ્ધિ અને સેવાનું જીવન હતું. એ જીવનને જોઈને મને થયું કે માનવનું મન તૈયાર હોય તો સાંસારિક જીવન એના માર્ગમાં બાધક નથી બનતું. એ પોતાની જાત પ્રત્યે જાગ્રત રહીને આત્મનિરીક્ષણ દ્વારા આત્મવિકાસ સાધી શકે છે.

કન્યાકૉલેજમાં મારાં પ્રવચનની પૂર્ણાહુતિ પછી તેમણે કહ્યું :

"કન્યાકેળવણીમાં મને ખાસ અભિરુચિ છે. આ કન્યાઓમાં મને દેશની આવતીકાલની આશા દેખાય છે. એ જ્યાં જશે ને વસશે ત્યાં બીજાને ઉપયોગી બનશે."

મને થયું કે આવું સાત્ત્વિક સ્વપ્ન સૌકોઈ સેવતા હોય તો ? એનું પરિણામ કેટલું બધું કલ્યાણકારક આવે ?

છેલ્લે દિવસે વિદાય થવાનો વખત આવ્યો ત્યારે ગુપ્તાજીની પત્ની એમના મકાનની પરસાળમાં આવી પહોંચી. વિદાયના બે શબ્દો બોલીને એ મંદિરમાં ગઈ. અમે એ બંનેને નિહાળી રહ્યાં. એમનો સંબંધ કેવો આસક્તિરહિત અને આહ્‌લાદક હતો ! કોઈને કોઈના પ્રત્યે કશો અસંતોષ નહોતો, આસક્તિ નહોતી, ફરિયાદ નહોતી.

અલીગઢનો એ પ્રવાસ પહેલવહેલો હોવા છતાં યાદગાર બની ગયો.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ આરોગ્યવિષયક સોનેરી સૂચનો ॥

૧. આપની જીવનશૈલીને નિયમિત શિસ્તમાં રાખવી.

૨. આહાર આયોજન : જમવામાં અતિશયોક્તિ ન કરવી. પેટને થોડું ઊણું રાખવું.

૩. પૌષ્ટિક નાસ્તો લો. પર્યાપ્ત પાણી/ પ્રવાહી પીવું, વધારે સમય તરસ્યા રહેવું નહીં.

૪. આલ્કલાઈન ખોરાક વધુ લેવો. ફળો, શાકભાજી અને સૂકા મેવાનો ઉપયોગ વધારવો. એક દિવસમાં ઓછામાં ઓછા ૫ ભાગ (૧ ભાગ=૮૦ ગ્રામ) ફળો અને શાકભાજી લેવા જોઈએ.

૫. વધુ પડતો ઉપયોગ ટાળવો : તેલ, મરચું, વધારાના મસાલા, અથાણું, પાપડ, આથાવાળી વસ્તુઓ, તળેલું, ફરસાણ, બેકરીની વસ્તુઓ, બહારનો ખોરાક, ઠંડું પાણી, ઠંડા પીણાં, આઈસ્ક્રીમ, મીઠાઈઓ, નોન વેજ, ઈંડાં.

૬. વેજીટેબલ ઘી, ખાંડ, વાસી ખોરાક, કલર પ્રિઝર્વેટીવ વાળો/પૅકીંગ કરેલો ખોરાક, જીનેટિકલી મોડીફાઈડ ખોરાક, ચા, કૉફી પદાર્થો, તમાકુ, દારૂ અને ધુમ્રપાનથી દૂર રહો.

૭. દરેક શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓનો આનંદ માણો. દૈનિક ૩૦ મિનિટ કસરત/ચાલવું. નવી પ્રવૃત્તિઓ શીખવા અને પ્રયાસ કરવા માટે તમારા મનને પડકાર આપો.

૮. તંદુરસ્ત વજન અને શરીરનો આકાર જાળવો.

૯. ટી.વી. બે કલાક થી વધુ જોવાનું ટાળો.

૧૦. મૉબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સનો ઉપયોગ ઘટાડવાનો પ્રયાસ કરો.

૧૧. નિયમિત સૂર્યસ્નાન લો.

૧૨. તણાવનું સંતુલન-ધ્યાન, યોગ, ઊંડા શ્વાસ, પ્રાણાયામ, વિઝયુલાઈઝેશન, વ્યાયામ, વગેરેનો આનંદ માણવો.

**–ડૉ. કમલેશ સોલંકી**



# ॥ સાચો ઝેનમાર્ગ ॥

ઝેન ગુરુ બન્કીનું પ્રવચન સાંભળવા અનેક લોકો આવતા હતા. આ સાંભળીને શીન્સુ નામના બાજુના મઠમાં રહેતા સાધુને અદેખાઈ આવી. 'મારા ગુરુ કરતાંય આ બન્કી શું વધારે મહાન છે કે લોકોની ભીડ ત્યાં વધુ થાય છે ?'

તેણે બેચેન બનીને જ્યાં બન્કીનું પ્રવચન ચાલતું હતું ત્યાં બૂમો પાડવા લાગ્યો. અચાનક પ્રવચનમાં ખલેલ પડવાથી બન્કીએ શીન્સુને પોતાની પાસે બોલાવ્યો ને તેની બૂમાબૂમનું કારણ પૂછ્યું.

શીન્સુએ કહ્યું : 'અમારો માર્ગ શ્રેષ્ઠ છે. અમારા ગુરુ દરરોજ અનેકવાર માળા ફેરવી બુદ્ધમંત્ર બોલે છે. વળી તે એવા સિદ્ધ સંત છે કે નદીને સામે કિનારે એક માણસ કાગળ લઈને ઊભો રહે તો બીજી બાજુએથી અમારા ગુરુ હવામાં એવી રીતે બ્રશ ફેરવે કે 'ભગવાન બુદ્ધ'નું નામ લખાઈ જાય ! તમારામાં આવી કોઈ દૈવી શક્તિ છે ?'

બન્કી હસી પડ્યા. આખી સભા આશ્ચર્ય પામી જોઈ રહી. બન્કી હવે શો જવાબ આપશે તે આતુરતાથી જોઈ રહી.

બન્કીએ શાંતિથી કહ્યું : 'તારા ગુરુ પાસે આવી શક્તિ છે તે જાણી નવાઈ નથી લાગતી. રસ્તે જતો કોઈપણ માણસ આવો જાદુ કરી શકે છે. પરંતુ એ સાચો ઝેનમાર્ગ નથી.'

'મારો માર્ગ એ છે કે જ્યારે ભૂખ લાગે ત્યારે ખાઈ લેવું અને ઊંઘ આવે ત્યારે સૂઈ જવું.'

**–સંકલન : નીલરત્ન દેસાઈ**